www.lokpatrika.in તંત્રી : અવેશ માલવિયા > સ્થાપના ૨૦૧૦ > વર્ષ : ૦૪, અંક : ૨૦ > વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૧૩ > પાના - ૦૮ । કિંમત : ૪ > અમદાવાદ (ગુજરાત) RNI NO : GUJGUJ/2022/83673


# લોક પત્રિકા

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક




22 AUG - 2025 FRIDAY LOK PATRIKA

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 20 • Dt. 22-08-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad - 380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

**સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ** જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં રાજ્યમાં સૌથી વધુ વરસાદ નોંધાયો । બંને જિલ્લામાં ૧૦ ઇંચથી વધુ વરસાદ નોંધાયો । છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૨૬ તાલુકાઓમાં હળવો થી ભારે વરસાદ નોંધાયો । જૂનાગઢના મેંદરડામાં સૌથી વધુ ૧૩.૩૧ ઇંચ વરસાદ નોંધાયો । કેશોદમાં ૧૧.૨૬ ઇંચ વરસાદ નોંધાયો હતો

# ગુજરાત રાજ્યમાં મેઘરાજાની ધડબડાટી । ૨૨૬ તાલુકામાં વરસાદ

**ગાંધીનગર સ્થિત રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટર પૂરા પાડવામાં આવેલા વરસાદના ડેટા અનુસાર, ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યાથી ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ગુજરાતના ૨૨૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૧ ।

વરસાદી તંત્ર સક્રિય થવાને કારણે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. ખાસ કરીને જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં રાજ્યમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે.બંને જિલ્લામાં ૧૦ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. તે જ સમયે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૨૬ તાલુકાઓમાં હળવો થી ભારે વરસાદ નોંધાયો છે. જૂનાગઢના મેંદરડામાં સૌથી વધુ ૧૩.૩૧ ઇંચ વરસાદ નોંધાયો છે. કેશોદમાં ૧૧.૨૬ ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે વંથલીમાં ૧૦.૩૯ ઇંચ અને પોરબંદરમાં ૧૦.૨૪ ઇંચ વરસાદ પડ્યો હતો.

ગાંધીનગર સ્થિત રાજ્ય ઇમરજન્સી ઓપરેશન સેન્ટર પૂરા પાડવામાં આવેલા વરસાદના ડેટા અનુસાર, ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યાથી ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સવારે ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ગુજરાતના ૨૨૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં સૌથી વધુ વરસાદ જૂનાગઢ અને પોરબંદરમાં નોંધાયો હતો. બંને જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં ૧૦ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો.છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૨૨૬ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. આમાંથી ચાર તાલુકાઓમાં ૧૦ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. તે જ સમયે, ૧૬ તાલુકાઓમાં ૫ ઇંચથી ૧૦ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં હળવો થી ખૂબ જ ભારે વરસાદ નોંધાયો છે. કુલ ૨૨૬ તાલુકાઓમાંથી ૭૯ તાલુકાઓમાં ૧ ઇંચ થી ૫ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો છે. આ વિસ્તારોમાં મેઘાણી મહેર જોવા મળી હતી.હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં ભારે થી ખૂબ જ ભારે વરસાદની આગાહી કરી છે. આગાહી મુજબ, સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, પોરબંદર, દ્વારકા, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં વરસાદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## ગુજરાતના ૧૯થી વધુ જિલ્લામાં ઓરેન્જ-યલો એલર્ટ । આગામી ૬ દિવસ ભારે વરસાદની આગાહી

### ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભારેથી અતિભારે વરસાદી માહોલ

ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી ભારેથી અતિભારે વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૨૭ ઓગસ્ટ સુધી ભારે વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં આવતીકાલે (૨૨ ઓગસ્ટ) ૧૯ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યુ છે. ચાલો જાણીએ ક્યાં-કેવો રહેશે વરસાદી માહોલ. હવામાન વિભાગ મુજબ, આવતીકાલે શુક્રવારે (૨૨ ઓગસ્ટ) કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, મોરબી, સુરેન્દ્રનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ખેડા, વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. રાજ્યમાં આગામી ૨૩-૨૪ ઓગસ્ટ દરમિયાન ૧૫ થી વધુ જિલ્લામાં ઓરેન્જ-યલો એલર્ટ જાહેર કર્યુ છે. જેમાં કચ્છ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, ખેડા, અમદાવાદ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આગામી ૨૫-૨૬ ઓગસ્ટ દરમિયાન સુરેન્દ્રનગર, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટા ઉદેપુર, પંચમહાલ, વડોદરા, આણંદ, નર્મદા, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, ભરૂચ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદનું એલર્ટ છે.





### અત્યાર સુધીમાં રાજ્યમાં સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૮.૯૯ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં, કચ્છમાં ૭૮.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૬.૩૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૪.૬૭ ટકા જ્યારે પૂર્વ-મધ્યમાં ૭૧.૯૭ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે તેમ, સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઈઝ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ ૭૯.૩૭ ટકા ભરાયેલો છે. સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૫૫ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૩૬ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૩૦ ડેમ ૨૫ ટકા થી ૫૦ ટકા વચ્ચે અને ૧૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં હાલમાં ૭૦ ડેમ હાઈ એલર્ટ, ૩૫ ડેમ એલર્ટ તથા ૧૬ ડેમ વોર્નિંગ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ ઇંચ તાલુકાઓમાં ૧૩ ઇંચ સુધી વરસાદ નોંધાયો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૧૩ ઇંચથી વધુ, કેશોદ તાલુકામાં ૧૧ ઇંચથી વધુ, વંથલી તાલુકામાં ૧૦ ઇંચથી વધુ તેમજ પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં ૧૦ ઇંચ અને નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૯ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. ચોમાસાની સ્થિતિમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની એસ.ટી બસોના સફળ આયોજનના પરિણામે નહિવત ટ્રીપો રદ કરીને ૧૪ હજાર થી વધુ રૂટ ઉપર ૪૦ હજારથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને વાહન વ્યવહારની સુવિધા નાગરિકોને પહોચાડવામાં આવી છે. ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.



## રાજ્યના દ્વારકામાં ભારે વરસાદે હાહાકાર મચાવ્યો । શહેરથી લઈને ગ્રામ્ય વિસ્તારો સુધી જળબંબાકાર

દેવભૂમિ દ્વારકામાં છેલ્લા કેટલાક કલાકોથી વરસી રહેલા વરસાદે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જી દીધી છે. મેઘરાજાની આ તોફાની બેટિંગને કારણે રોડ રસ્તા નદીઓમાં ફેરવાઈ ગયા છે, જ્યારે ખેતરોમાં પાણી ભરાઈ જતાં ખેડૂતોમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. દ્વારકાના મુખ્ય વિસ્તારો, ખાસ કરીને ભદ્રકાળી ચોક, ઈસ્કોન ગેટ અને હાઈવે પર પાણી ભરાઈ જતા વાહન વ્યવહારમાં ભારે મુશ્કેલીઓ સર્જાઈ છે.દ્વારકાની આસપાસ આવેલા બરડા ડુંગરની ગોદમાં આવેલ કિલેશ્વર મહાદેવ પાસેનો ચેક ડેમ ઓવરફ્લો થતાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ફસાઈ ગયા હતા. લગભગ ૫૦ જેટલા પ્રવાસીઓને વન વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ કરવામાં આવ્યા. પાણીનો પ્રવાહ એટલો વધુ હતો કે પ્રવાસીઓ માટે બહાર નીકળવું અશક્ય બન્યું હતું. પરંતુ વન વિભાગની સતર્કતા અને ઝડપી કાર્યવાહીથી તમામ લોકોને સલામત બહાર કાઢવામાં આવ્યા.શહેર સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ પરિસ્થિતિ ચિંતાજનક બની છે. કલ્યાણપુર તાલુકાના ભોગત ગામે ભારે વરસાદી પાણી ફરી વળતાં અનેક લોકો ફસાઈ ગયા હતા. અહીં ફાયર વિભાગની ટીમે ૧૭ જેટલા લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું. બોટથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ખાસ કરીને ભોગત ગામ પાસે આવેલ પીજીવીસીએલ સબસ્ટેશન પાણીમાં ગરકાવ થઈ જતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોના લોકો અંધકારમાં જીવી રહ્યા છે.દ્વારકાના રાવલ ગામ અને આસપાસના વિસ્તારોમાં પણ ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. મગફળી, કપાસ અને શાકભાજી જેવા પાકમાં પાણી આવી જતાં ખેડૂતો ભારે ચિંતિમાં છે. આખા ખેતરો નદીઓમાં ફેરવાઈ જતાં ખેડૂતોને મોટું નુકસાન થવાની શક્યતા છે. વરસાદથી રસ્તા પર પાણી ભરાઈ જતા ગામના બજારોમાં પણ સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.ભારે વરસાદને કારણે ઓખા બંદરે ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આગામી કલાકોમાં જોરદાર પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# સુરતમાં સાંબેલાધાર: છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજાએ છોતરાં કાઢી નાખ્યા । તાપી કાંઠાના ગામોને એલર્ટ કરાયા

સુરત જિલ્લાના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન માંગરોળમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે.જયારે બારડોલી : ૩ ઈંચ કામરેજઃ ૪ ઈંચ ઓલપાડ : ૧ ઈંચ ઉમરપાડા : ૪ ઈંચ માંગરોળ : ૪.૫ ઈંચ માંડવી : ૨ ઈંચ મહુવા : ૫ ઈંચ ચોર્યાસી : ૨.૭૫ ઈંચ પલસાણાઃ ૪ ઈંચ સુરત સિટી : ૩.૫ ઈંચ વરસાદ થયો છે. ઉપરવાસમાં પડેલ વરસાદના કારણે ઉકાઈ ડેમની હાલની સપાટી ૩૩૪.૯૧ ફૂટ છે. ઈન્ફ્લો ૧૨૫૭૪૨ ક્યુસેક પાણીની આવક થવા પામી છે. આઉટફ્લો ૧૨૫૭૪૨ ક્યુસેક પાણીની જાવત થવા પામી છે. ભયજનક સપાટીથી ૩૪૫ ફૂટ છે. ઉકાઈ ડેમના ૯ દરવાજા ખોલવામાં આવ્યા છે. ૭ દરવાજા ૨ ફૂટ અને ૨ દરવાજા ૮ ફૂટ ખોલતા તાપી નદી બે કાંઠે વહી રહી છે. તાપી નદીના કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરાયા છે.ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ બરાબરનો જામ્યો છે. અનેક જિલ્લાઓમાં સવારથી જ મેઘ મહેર થઈ છે, ત્યારે સુરતમાં મેઘરાજાએ સપાટો બોલાવી દીધો છે. સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદથી અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે.

સુરતમાં પડેલા વરસાદને પગલે રસ્તાઓ નદી બન્યા હતા. રસ્તા પર પાણી ભરાઈ જવાના કારણે વાહનચાલકોને હાલાકાની








સામનો કરવો પડ્યો હતો. કેટલાક વિસ્તારોમાં ગોઠણ સમા પાણી ભરાયા હતા. અનેક સોસાયટીમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા. વહેલી સરવારથી અનરાધાર વરસાદ વરસી જતા સ્કૂલ અને ઓફિસે જતા લોકો માટે મુશ્કેલી ઉભી થઈ હતી. વાહન ચાલકો રસ્તા વચ્ચે જ અટવાઈ ગયા હતા.સુરતના માંગરોળ પંથકની વાત કરવામાં આવે તો આજે સવારથી જ ભારે પવન સાથે મેઘરાજાએ ધબધબાટી બોલાવી હતી. માંગરોળના વાંકલ, વેરાવી, નાનીફળી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે તો બીજી તરફ ઉમરપાડા સહિત શરદા, પીનપુર સહિતના ગામો પાણી-પાણી થયા છે. ભારે વરસાદને લીધે જળાશયોમાં નવા પાણીની આવક થઈ છે.હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ સુરતમાં ભયાનક વરસાદ ખાબક્યો હતો, જેના પગલે વેડ, ડભોલી રોડ, સિંગણપોર રોડ પર ભરાયા ઘૂંટણસમા પાણી ભરાયા હતા. ફરી વખત કતારગામમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. કતારગામ ઉપરાંત કીમ ચારરસ્તા નજીક ફિરદોષ શોપિંગ સેન્ટરમાં પાણી ભરાયા હતા. વરસાદી પાણીના નિકાલના અભાવે પાણી ભરાયા હોવાના સ્થાનિકોઓએ આરોપ લગાવ્યો છે. શોપિંગ સેન્ટરમાં પાણી ભરાતા વાહન ચાલકો અને લોકો હેરાન પરેશાન થયા છે.સુરત જિલ્લામાં ધોધમાર વરસાદને લઈને ઉકાઈ ડેમમાં હાલ ૧.૨૫ લાખ ક્યુસેક પાણીની આવક થતાં ડેમ છલકાયો છે. ડેમમાંથી પાણી છોડાતા નદીની જળસપાટી ભયજનક સપાટીથી વધુ થઈ છે. તાપી નદીની આસપાસના ગામોને તંત્રએ એલર્ટ આપ્યું છે. ભારે વરસાદને લઈને રાંદેર-કતારગામને જોડતા કોઝ-વે પર પાણી ફરી વળ્યા હતા.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

## વલસાડમાં નદીના ધસમસતા વહેણમાં તણાઈ શિક્ષક દંપતિની કાર

। પ્રતિનિધિ, વલસાડ, તા.૨૧ ।

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના તરમાલીયા ગામ ખાતે શિક્ષક દંપતીની કાર નદીના ધસમસતા વહેણમાં તણાઈ જવા પામી છે. કારમાં સવાર શિક્ષક પ તિનો આબાદ બચાવ થવા પામ્યો છે. જો કે ૮ વર્ષની બાળકી અને શિક્ષક માતા કાર સાથે નદીના પ્રવાહમાં કાર સાથે તણાઈ ગયા છે. મોડી રાત્રે સ્થાનિક તરવૈયાઓ અને એનડીઆરએફની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરાઈ છે.વલસાડ જિલ્લાના પારડી ખાતે રહેતા શિક્ષક દંપતી મહેશભાઈ પટેલ તેમના પત્ની તનાશા પટેલ અને ૮ વર્ષીય બાળકી યશવી સાથે ડુમલાવ ખાતે તેમના સાસરે ગયા હતા. મોડી રાત સુધી શોધખોળ હાથ ધરીયા બાદ પણ મા દીકરી મળ્યા ન હતા.

## અમદાવાદમાં સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની હત્યાના કેસમાં બે એફઆઇઆર નોંધાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદમાં સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની હત્યાના કેસમાં બે અલગ અલગ એફઆઈઆર દાખલ થઈ છે. આ સમગ્ર કેસમાં પોલીસ દ્વારા અલગ-અલગ ૨ એફઆઈઆર નોંધાઈ છે. જેમાં પ્રથમ ફરિયાદ સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની હત્યાની નોંધવામાંઆવી છે. જ્યારે બીજી ફરિયાદ શાળામાં તોડફોડ કરનાર ટોળા વિરુદ્ધ નોંધાઈ છે.હત્યાના વિરોધમાં ૫૦૦ લોકોના ટોળા દ્વારા કરવામાં આવેલી તોફોડને લઈને બીજી ફરિયાદ નોંધવામાં આવી છે.જેમાં શાળા સંચાલકોએ ૧૫ લાખના નુકસાનની નોંધાવી ફરિયાદ છે.આ સમગ્ર મામલે જેસીપી કૃણાલ દેસાઈ દ્વારા નિવેદન આપવામાં આવ્યું છે. તે સિવાય હત્યાને લઈને અફવાઓ ન ફેલાવવા જેસીપી દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે. તે સિવાય કેસ મામલે કાયદાના સંઘર્ષમાં આવેલા ૨ કિશોરની અટકાયત કરવામાં આવી છે.જેમાં સ્કૂલના ધો. ૮અને ધો. ૧૦ના ૨ કિશોરની અટકાયત કરવામાં આવી છે.

### ગુજરાતના દરિયાકાંઠે માછીમારોની મુશ્કેલીઓ વધી રહી છે

# અમરેલી : શિયાળબેટની બે બોટ દરિયામાં લાપતા । ૧૬ માછીમારોની શોધખોળ શરૂ

### ઘટના બાદ સ્થાનિક બોટ એસોસિએશને તાત્કાલિક કોસ્ટ ગાર્ડને જાણ કરી છે અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતના દરિયાકાંઠે માછીમારોની મુશ્કેલીઓ વધી રહી છે. તાજેતરમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ નજીક આવેલા શિયાળબેટની બે બોટ દરિયામાં લાપતા થઈ ગઈ છે. આ બંને બોટમાં કુલ ૧૬ માછીમારો સવાર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ સ્થાનિક બોટ એસોસિએશને તાત્કાલિક કોસ્ટ ગાર્ડને જાણ કરી છે અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, ગુમ થયેલી બોટના નામ 'લક્ષ્મી પ્રસાદ' અને 'ધનવંતરી' છે. દરેક બોટમાં આઠ-આઠ માછીમારો સવાર હતા. આ બોટનો સંપર્ક તૂટી જતાં માછીમાર પરિવારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.નોંધનીય છે કે, આ ઘટના એક દિવસ પહેલાં બનેલી બીજી એક દુર્ઘટના બાદ સામે આવી છે. થોડા દિવસો પહેલાં જાફરાબાદની બે અને રાજપરા ગામની એક બોટ દરિયામાં જળ સમાધિ લઈ ગઈ હતી. તે ઘટનામાં સવાર ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે. જાફરાબાદની બે બોટ અને ગીર સોમનાથના રાજપરાની એક બોટમાં ૨૮ માછીમારો હતા. જેમાંથી ૧૭ માછીમારોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે, જ્યારે ૧૧ માછીમારોનો હજુ આજે પણ કોઈ પત્તો લાગ્યો નહોતો. આ ઉપરાઉપરી બનેલી ઘટનાઓએ દરિયાઈ સુરક્ષા અને



માછીમારોની સલામતીને લઈને ગંભીર સવાલો ઊભા કર્યા છે.જાફરાબાદની બોટો ડૂબ્યાની જાણ થતાં જ અમરેલી જિલ્લા કલેક્ટર , ધારાસભ્ય અને અધિકારીઓએ માછીમારોના આગેવાનો સાથે તાત્કાલિક બેઠક યોજી હતી. લાપતા માછીમારોની શોધખોળ માટે કોસ્ટ ગાર્ડ દ્વારા બે એરક્રાફ્ટ અને અન્ય જહાજોની મદદ લેવામાં આવી હતી. જોકે, દરિયામાં ભારે કરંટ અને વરસાદના કારણે બચાવ કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે. હવામાન સ્વચ્છ થતાં પોરબંદર અને દમણથી વધુ ચાર એરક્રાફ્ટ પણ બચાવ કામગીરીમાં જોડાશે. બોટ એસોસિએશનના પ્રમુખ દ્વારા કોસ્ટ ગાર્ડને જાણ કરવામાં આવતા, તાત્કાલિક ધોરણે શોધ અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વાવાઝોડા જેવી પ રિસ્થિતિ ન હોવા છતાં, અચાનક બોટોનો સંપર્ક તૂટી જવાથી અનેક પ્રશ્નો ઊભા થયા છે. તંત્ર દ્વારા લાપતા થયેલા માછીમારોને સહીસલામત શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

## નિકોલમાં બીડી નહીં આપનારા શ્રમિકની સળિયો મારી હત્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૧ ।

શહેરના નિકોલ વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઈટ પર કામ કરતા શ્રમિક પાસે એક શખ્સે બીડી માગી હતી પણ શ્રમિકે ન આપતા શ્રમિકને લોખંડના સળિયાના ઉપરા છાપરી ઘા માથામાં અને પગમાં મારીને મોતને ઘાટ ઉતારનાર આરોપી રણધીર ઉર્ફે છોટુ ચૌહાણની નિકોલ પોલીસે ગણતરીના કલાકમાં ધરપકડ કરી છે. મૂળ ઉતરપ્રદેશના વતની અને હાલ થલતેજ વિસ્તારમાં રહેતા વિજય સતઉ (ઉં.વ.૨૮) કન્સ્ટ્રકશન સાઈટ પર પ્લમ્બિંગનું કામકાજ કરે છે. વિજયભાઈનો કૌટુંબિક ભાઈ પ્રદીપ ઉર્ફે બાબુલાલ પણ છેલ્લા પાંચેક વર્ષથી તેમની સાથે જ પ્લમ્બિંગનું કામકાજ કરીને બંને ભાઈઓ આજીવિકા મેળવે છે. છેલ્લા બે મહિનાથી નિકોલમાં મેંગો સિનેમા પાસે આવેલી નવી બનતી સાઈટમાં વિજયનો ભાઈ પ્લમ્બિંગનું કામકાજ કરતો હતો. ગત ૧૮ ઓગસ્ટના રોજ વિજયભાઈ તેમનું કામકાજ પ તાવીને ઘરે આવીને જમીને સાઈટ પર સુતા હતા ત્યારે રાત્રીના દસેક વાગ્યે તેમના મોબાઈલ પર રાજકુમાર ચૌહાણનો ફોન આવ્યો અને જણાવ્યું કે તમારા ભાઈ અને રણધીર વચ્ચે ઝઘડો થયો છે. પરંતુ નાનો અમથો ઝઘડો હશે તેમ વિચારીને વિજયભાઈ સૂઈ ગયા હતા.

## સેવન્થ ડે ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં ભૂજમાં બે વિદ્યાર્થી વચ્ચે લોહિયાળ જંગ

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૧ ।

સેવન્થ ડે સ્કુલ બાદ ભુજની વીડી હાઈસ્કૂલના બે વિધાર્થી વચ્ચે સામાન્ય બાબતે મારામારી થઈ હતી જેમાં અગાઉ બે વિધાર્થી વચ્ચે થયેલ ગાળાગાળી અને મનદુ:ખ રાખી હુમલો કરવામાં આવતા સમગ્ર કચ્છ ભરમાં ચકચાર મચી જવા પામી છે. આ મારામારીની ઘટનામાં ભુજની વીરજી દેવશી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૧૧ અને ૧૦ ના વિધાર્થી વચ્ચે બબાલ સર્જાઈ હતી. જેમાં ધોરણ. ૧૦ના વિધાર્થીને માર મારવામાં આવ્યો હતો.

આ બનાવમાં ૧૦ જેટલા વિદ્યાર્થીઓના ટોળાએ એક વિદ્યાર્થી પર ગંભીર પ્રકારનો હુમલો કર્યો હતો. જાણવા મળતી માહિતી મુજબ આ શાળાના વિદ્યાર્થીએ હાથમાં પહેરવાના પંચ અને કડા વચ્ચે અન્ય વિદ્યાર્થી પર હુમલો કરતા માથાના ભાગે લોહી લુહાણ થતાં વિદ્યાર્થીને માથા ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ હુમલામાં ૧૦થી વધુના વિદ્યાર્થીના ટોળાએ માર માર્યો હોવાનો આક્ષેપ હાલ કરવામાં આવી રહ્યો છે.

આ અંગે શાળાના આચાર્ય પુછતા તેઓએ આ બનાવને સમર્થન આપી. આ ઘટનાને ગંભીર ગણાવી હતી. ભુજ શહેરની વીડી હાઈસ્કૂલના આચાર્યએ બંને વિધાર્થીના વાલીને શાળાએ બોલાવી માફી પત્ર લખાવી સમજાવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## ઘુમાના ચિદાનંદ બંગલોઝમાંથી તસ્કરોએ ૧૬.૯૨ લાખની મતા ચોરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૧ ।

બોપલ ઘુમામાં આવેલા ચિદાનંદ બંગલોઝમાં તસ્કરોએ હાથફેરો કરીને ૧૬.૯૨ લાખની ચોરીને અંજામ આપ્યો છે. આ બંગલોમાં રહેતા ફેક્ટરી માલિક ઘર બંધ કરીને તેમના પરિવારજનો સાથે વડોદરા અને મુંબઈ ખાતે ગયા હતા. તે સમયે રાત્રે ત્રણ વાગ્યે પાંચ જેટલા તસ્કરોએ ઘરમાં ઘૂસીને સોના-ચાંદી તથા હીરાના દાગીના અને રોકડા પાંચ લાખ સહિત ૧૬.૯૨ લાખની ચોરી કરી છે. આ મામલે પોલીસને જાણ કરાતા બોપલ પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે. બોપલ ઘુમામાં આવેલા ચિદાનંદ બંગ્લોઝમાં રહેતા નિશીતભાઈ દવે પ ીરાણા એસપી રિંગ રોડ પર પ્રિન્ટિંગ ઈન્ક બનાવવાની ફેક્ટરી ધરાવે છે. નિશીતભાઈ ગત તા.૧૫મીએ ઘર બંધ કરીને પત્ની અને દીકરાને લઈને ફેક્ટરીએ ગયા હતા. જ્યાંથી સીધા જ તે વડોદરા ખાતે રહેતા તેમના ભાઈના ઘરે ગયા હતા. જ્યાં રાત રોકાયા બાદ બીજા દિવસે મુંબઈ ખાતે મામાની દીકરીની સગાઈના પ્રસંગમાં ગયા હતા. નિશીતભાઈ અને તેમનો પરિવાર મુંબઈ ખાતે બે દિવસ રોકાઈને ગત તા.૧૮મીએ રાત્રે ઘરે આવ્યો હતો. નિશીતભાઈએ ઘરે આવીને દરવાજો ખોલ્યો તો તમામ સરસામાન વેર વિખેર હાલતમાં હતો. ચોરીની શંકા દાખવીને તેમણે બેડરૂમમાં તપાસ કરી તો ત્યાં પણ સામાન વેર વિખેર હાલતમાં હતો. જેથી ઉપરના માળે જઈને તપાસ કરી તો ગેલેરીનું સ્લાઈડર ખુલ્લું હતું અને સામાન વેર વિખેર હતો.

### છેલ્લા ત્રણ વર્ષથી બંધ પડેલા આ બ્રિજનું બાંધકામ અત્યંત નબળું હોવાથી તેને તોડવાનો નિર્ણય લેવાયો હતો

# ભ્રષ્ટાચારના પાયા પર બનેલા હાટકેશ્વર બ્રિજને તોડવાની કામગીરી શરૂ । વધુ ૪ કરોડનું આંધણ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ શહેરમાં ભ્રષ્ટાચારનું પ્રતીક બની ગયેલા હાટકેશ્વર બ્રિજને આખરે તોડી પાડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષથી બંધ પડેલા આ બ્રિજનું બાંધકામ અત્યંત નબળું હોવાથી તેને તોડવાનો નિર્ણય લેવાયો હતો. જેસીબી મશીનો દ્વારા વહેલી સવારથી જ બ્રિજને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ બનાવવાની કામગીરી વર્ષ ૨૦૧૫માં શરૂ કરાઈ હતી અને વર્ષ ૨૦૧૭માં જાહેર જનતા માટે બ્રિજને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જોકે, બ્રિજની ગુણવત્તાને લઈને ઉઠેલા સવાલો બાલ તેને બંધ કરાયો હતો. છસ્ઝ્રએ અલગ-અલગ સંસ્થાઓ પાસે બ્રિજની



ગુણવત્તાનો રિપોર્ટ કરાવ્યા બાદ હલકી કક્ષાનો પુરવાર થયો હતો. અંતે તેને તોડી પાડવાનો નિર્ણય કરાયો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોપ ૉરેશન (છસ્ઝ્ર) દ્વારા આ બ્રિજને તોડવા માટે ૪ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. બ્રિજને તબક્કાવાર રીતે તોડવામાં આવશે અને આખી કામગીરી પૂર્ણ થતાં અંદાજે ૬ મહિના જેટલો સમય લાગી શકે છે. આ કામગીરીથી વાહનચાલકોને થોડી મુશ્કેલી શકે છે, પરંતુ નવો અને સુરક્ષિત બ્રિજ બનાવવા માટે આ પગલું જરૂરી હતું.

૪૨ કરોડના ખર્ચે તૈયાર થયેલો આ બ્રિજ માત્ર ગણતરીના વર્ષોમાં જ બિસ્માર હાલતમાં આવી ગયો હતો. તેનું નબળું બાંધકામ સામે આવતાં તેને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. આ બ્રિજને 'છત્રપતિ શિવાજી મહારાજ બ્રિજ' તરીકે પણ નામ આપવામાં આવ્યું હતું.

અમદાવાદ શહેરમાં ભ્રષ્ટાચારનું પ્રતીક બની ગયેલા હાટકેશ્વર બ્રિજને આખરે તોડી પાડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષથી બંધ પડેલા આ બ્રિજનું બાંધકામ અત્યંત નબળું હોવાથી તેને તોડવાનો નિર્ણય લેવાયો હતો. જેસીબી મશીનો દ્વારા વહેલી સવારથી જ બ્રિજને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.અમદાવાદનો હાટકેશ્વર બ્રિજ બનાવવાની કામગીરી વર્ષ ૨૦૧૫માં શરૂ કરાઈ હતી.



શ્રાવણ માસની શરૂઆત સાથે જ ધાર્મિક તહેવારોની શરૂઆત થઈ ગઈ

# સુરતમાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી બાદ ગણેશ ઉત્સવ માટે તડામાર તૈયારીઓ શરૂ

**સુરતમાં છેલ્લા કેટલાક વખતથી ગણેશ વિસર્જનના બદલે બાપ્પાના આગમન યાત્રા ઝાકમઝોળથી કાઢવામાં આવી રહી છે**

। પ્રતિનિધિ, સુરત, તા.૨૧ ।

શ્રાવણ માસની શરુઆત સાથે જ ધાર્મિક તહેવારોની શરૂઆત થઈ ગઈ છે. દશામા અને જન્માષ્ટમીની ઉજવણી બાદ સુરતીઓ ગણેશોત્સવ માટે થનગની રહ્યા છે. સુરતમાં છેલ્લા કેટલાક વખતથી ગણેશ વિસર્જનના બદલે બાપ્પાના આગમન યાત્રા ઝાકમઝોળથી કાઢવામાં આવી રહી છે. તેની સાથે જ નાના મોટા ગણેશ આયોજકોએ ગણપતિ સ્થાપના માટે મંડપ બનાવવાની કામગીરી શરુ કરી દીધી છે. સુરતમાં હાલ વરસાદ હોવા છતાં ગણેશ આયોજકોનો ઉત્સાહમાં કોઈ ફેર પડ્યો નથી અને તેઓ ગણેશોત્સવ માટે તડામાર તૈયારી કરી રહ્યાં છે.



છેલ્લા કેટલાક વર્ષોથી મુંબઈની જેમ સુરતમાં પણ ગણેશોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાઈ રહ્યો છે. પહેલાની સરખામણીમાં સુરતમાં ગણેશોત્સવની ભવ્યતા વધી રહી છે. હાલ સુરતમાં નાના મોટા ૮૦ હજારની આસપાસ ગણેશજીની સ્થાપના થાય છે તેના કારણે અનેક લોકોને રોજીરોટી મળી રહી છે. હવામાન વિભાગે સુરતમાં વરસાદની આગાહી કરી છે પરંતુ ગણેશ ભક્તોના ઉત્સાહમાં કોઈ ફેર પડ્યો નથી અને વરસાદમાં પણ મંડપ બનાવવાની કામગીરી ચાલુ રાખી છે.

આ ઉપરાંત અનેક ગણેશ આયોજકોએ અત્યારથી જ ગણેશ મંડપમાં થીમ બનાવવાના છે તેની કામગીરી પણ શરુ કરી દીધી છે. સુરતની હજારોની સંખ્યામાં રહેણાંક સોસાયટીમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવશે. આ ઉપરાંત અનેક મંડળો દ્વારા મોટા પંડાલમાં ગણેશજીની સ્થાપના માટે તૈયારી કરી દેવામાં આવી છે.

સુરતના ઘણા મંડળો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, ભજન-કીર્તન તથા સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન થવા જઈ રહ્યું છે. સુરતીઓ માટે આ તહેવાર માત્ર ધાર્મિક જ નહીં પરંતુ સામાજિક સમરસતાનું પ્રતિક બની ગયો રહ્યો છે. શહેરના ગણેશ આયોજકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હાલ ગણેશોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે તેના કારણે ડેકોરેશનના બજારમાં તથા લાઈટીંગ બજારમાં પણ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતમાં જે રીતે તૈયારી થઈ રહી છે તેના કારણે આગામી દિવસોમાં સુરત ગણેશમય બનવા થનગની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

શ્રાવણ માસની શરુઆત સાથે જ ધાર્મિક તહેવારોની શરૂઆત થઈ ગઈ છે. દશામા અને જન્માષ્ટમીની ઉજવણી બાદ સુરતીઓ ગણેશોત્સવ માટે થનગની રહ્યા છે. સુરતમાં છેલ્લા કેટલાક વખતથી ગણેશ વિસર્જનના બદલે બાપ્પાના આગમન યાત્રા ઝાકમઝોળથી કાઢવામાં આવી રહી છે. તેની સાથે જ નાના મોટા ગણેશ આયોજકોએ ગણપતિ સ્થાપના માટે મંડપ બનાવવાની કામગીરી શરુ કરી દીધી છે. સુરતમાં હાલ વરસાદ હોવા છતાં ગણેશ આયોજકોનો ઉત્સાહમાં કોઈ ફેર પડ્યો નથી અને તેઓ ગણેશોત્સવ માટે તડામાર તૈયારી કરી રહ્યાં છે.

કેરાળા જીઆઇડીસીમાં આવેલી ફાર્મા કંપનીનો બનાવ

## અમદાવાદ શહેરમાં સીલ ફેક્ટરીમાં બેંકે મૂકેલા બે ગાર્ડે અલગ અલગ વસ્તુઓ મળીને ૧૩.૮૭ લાખની ચોરી કરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ ગ્રામ્યના કેરાળા જીઆઇડીસીમાં આવેલી એક ફાર્મા કંપનીના માલિકે લોન લીધી હતી. જે લોન ભરપાઇ ન કરી શક્તા જે તે સમયે બેંક દ્વારા સીલ મારવામાં આવ્યું હતું. આ મિલકતનો કબજો બેંકે લઇને ત્યાં ખાનગી સિક્યોરિટી ગાર્ડ મૂક્યા હતા. લોન ભરપાઇ કર્યા બાદ માલિકને મિલકતનો કબજો પરત મળી જતાં તેમાં ચોરી થયાનું સામે આવ્યું હતું. ફેક્ટરીમાંથી અલગ અલગ વસ્તુઓ મળીને ૧૩.૮૭ લાખની ચોરી થઈ હતી. જે ચોરી કરનાર સિક્યોરિટી ગાર્ડ હોવાનું સામે આવતા કેરાળા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજકોટના આસીફભાઈ મુસ્લિમ અમદાવાદ ગ્રામ્યના કેરાળા જીઆઈડીસીમાં વર્ષ ૨૦૧૬થી ફાર્મા કંપની ધરાવે છે. આ કંપનીમાં એલોપેથીક દવા બને છે અને આસીફભાઈએ સાડા ચાર કરોડની લોન લીધી હતી. જોકે, વર્ષ ૨૦૨૪માં આર્થિક તંગીના કારણે તેમણે ત્રણ હપ્તા ચૂકવ્યા નહોતા. જેના કારણે બેંકે તેમનું ખાતુ એનપીએ કર્યું હતું અને ૨.૯૪ કરોડ ભરવાની નોટિસ આપી હતી. આસીફભાઈએ ૨.૯૪ કરોડ પૈકી રૂ. ૧.૦૧ કરોડ ભરી દીધા હતા. બાદમાં બેંક દ્વારા આસીફભાઈની આ મિલકત સીલ કરીને પોતાના કબજામાં લઇ લીધી હતી. જ્યાં બેંકે ખાનગી સિક્યોરિટી કંપનીના ગાર્ડ મૂકી દીધા હતા.

## કાકરાપારમાં લાંચના ષડયંત્રનો પર્દાફાશ, પોલીસ અધિકારીઓની નાકામી ટ્રેપ

। પ્રતિનિધિ, તાપી, તા.૨૧ ।

એક જાગૃત નાગરિકની હિંમત અને એન્ટી-કરપ્શન બ્યુરોની તત્પરતાથી લાંચના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો. ડીવાયએસપી નિકિતા શિરોયા અને હેડ કોન્સ્ટેબલ નરેન્દ્ર ગામીત, બંને એસ.સી.એસ.ટી. સેલ, વ્યારા-તાપી, એક ગુનામાં ફરિયાદીના પરિવાર અને મિત્રોને ધરપકડથી બચાવવા તથા હેરાનગતિ ન કરવા બદલ રૂ. ૧,૫૦,૦૦૦/-ની લાંચની માંગણી કરી રહ્યા હતા.

ફરિયાદીએ લાંચ આપવાને બદલે એ.સી.બી.નો સંપર્ક કર્યો, જેના પરિણામે કાકરાપાળ પોલીસ સ્ટેશન નજીક એલ એન્ડ ટી કોલોની બહાર જાહેર રસ્તા પર છટકું ગોઠવાયું. આરોપી નરેન્દ્ર ખાનગી ગાડીમાં લાંચ લેવા આવ્યા, પરંતુ શંકા જતાં નાણાં સ્વીકાર્યા વિના ભાગી ગયા.એસીબીએ આ ઘટનાને ગંભીર ગુનો ગણી તપાસ હાથ ધરી છે.આ ઘટના નાગરિકોની જાગૃતિ અને ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવાની હિંમતનું ઉદાહરણ છે. એ.સી.બી.ની આ કાર્યવાહી ભ્રષ્ટાચારીઓ માટે સખત ચેતવણી છે. એક જાગૃત નાગરિકની હિંમત અને એન્ટી-કરપ્શન બ્યુરોની તત્પરતાથી લાંચના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો.

## કોડીઓ રમવાની તકરારમાં નાના ભાઇના પરિવારે મોટા ભાઇ પર ચાકુ વડે હુમલો કર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૧ ।

શહેરના શાહીબાગ વિસ્તારમાં કોડીઓ રમવાની તકરારમાં નાના ભાઇના પરિવારે મોટા ભાઇ પર ચાકુ વડે હુમલો કરી લોહીલુહાણ કરી નાંખ્યો હતો. જેથી મોટા ભાઈને સિવિલ હોસ્પિટલ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે મોટાભાઈએ શાહીબાગ પોલીસ મથકમાં નાના ભાઈ અને તેના પરિવાર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આરંભી છે. શહેરના શાહીબાગ વિસ્તારમાં રમેશભાઈ લલ્લુભાઈ પટણી પરિવાર સાથે રહે છે અને છુટક મજૂરી કરે છે. રમેશભાઈની પાડોશમાં જ નાનો ભાઈ રાજેશ પટણી પણ તેમના પરિવાર સાથે રહે છે.

ગઈકાલે રમેશભાઈ સાંજે ૭ વાગ્યે પોતાના ઘરે હાજર હતા ત્યારે રાજેશભાઈ તેમનો દીકરો સન્ની તથા બીજા લોકો તેમના ઘરની આગળ ટોળું વળી ખુલ્લી જગ્યામાં કોડીની રમત રમી રહ્યાં હતાં અને જોર જોરથી બોલી રહ્યાં હતાં.જેથી રમેશભાઈ ઘર બહાર ગયા હતા અને નાના ભાઈ રાજેશ તથા તેના દીકરા સન્નીને કોડીની રમત દૂર જઈ રમવા કહ્યું હતું. ત્યારે રાજેશ ઉશ્કેરાઈ ગયો હતો અને અમે અહીંયા જ રમત રમીશું તમને શું થાય છે જે થાય તે કરી લો. આટલું કહ્યાં બાદ તે ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલી ઝઘડો કરવા લાગ્યો હતો. તે સમયે રાજેશની પત્ની ભારતીબહેન પણ ત્યાં આવી ગઈ હતી. ત્રણે ભેગા થઈ રમેશભાઈને માર મારવા લાગ્યા હતા. આ દરમિયાન ઉશ્કેરાયલો સન્ની ક્યાંકથી ચાકુ લઈ આવ્યો હતો અને એક ઘા રમેશભાઈને મારી દેતા રમેશભાઈ લોહીલુહાણ થઈ ગયા હતા. આ સમયે બૂમાબૂમ થતા આસપાસના લોકો આવી ગયા હતા અને તેમને છોડાવ્યા હતા. રમેશભાઈએ નાનાભાઈ રાજેશ, રાજેશના દીકરા સન્ની અને તેમની પત્ની ભારતી ઉર્ફે ટીની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.






## તંત્રી લેખ..

# પાયરેસીની તકલીફ

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે લોકડાઉન પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઈ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લોકપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. પાયરેસીના શિકાર થયેલી મોટી ફિલ્મમાં રજનિકાંતની કબાલી પણ સામેલ છે. રજનિકાતના એક્શન ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના ૭૦ મિનિટમાં જ લીક થઈ ગઈહતી. ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જો કે ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૩૫૦ કરોડની કમાણી કરી હતી પરંતુ પાયરેસીના કારણે તેને પણ નુકસાન થયુ હતુ. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી

# હંસવા પર શરીરમાંથી એન્ડોર્ફિન બહાર નિકળે છે



લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસીન એટલે કે હંસી લાખ બિમારીની એક દવા તરીકે છે. લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસન એટલે કે હસી લાખ બિમારીની એક દવા છે. પરંતુ સામાન્ય લોકોને આ અંગે ખુબ ઓછી માહિતી છે કે પોતાના પર હંસવાની બાબત આરોગ્ય માટે પણ ખુબ સારી બાબત છે. સ્પેનના ગ્રનાડા યુનિવર્સિટીમાં કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પોતાના પર જોક્સ કરીને અથવા તો પોતાને હંસાવનાર લોકોના મનૌવૈજ્ઞાનિક આરોગ્યનુ સ્તર ખુ ઉપર રહે છે. આ ઉપરાંત અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પોતાનાને હંસાવવાની બાબત એક રીતે ગુસ્સાને દબાવવા અને અંકુશમાં લેવા સમાન છે. ગુસ્સો ન કરવાની બાબત પણ આરોગ્ય માટે આદર્શ છે. લાફ્ટર થેરાપીને લઈને હવે ચર્ચા થવા લાગી ગઈ છે. જાણકાર લોકો કહે છે કે હંસવાની સ્થિતીમાં શરીરમાંથી એન્ડોર્ફિન હાર્મોન બહાર નિકળે છે. જે હાર્ટને મજબુત બનાવે છે. હંસવાના કારણે હાર્ટની કસરત પણ થઈ જાય છે. હંસવાની બાબત ટેન્શનને દુર કરે છે. પીડા અને બિમારીને દુર કરવામાં હંસી એન્ટીડોટ છે. શરીર અને દિમાગને સંતુલિત રાખવા માટે હંસી કરતા અન્ય કોઈ ચીજ વધારે અસરકારક નથી. તમામ લોકોને સારી રીતે સમજી લેવાની જરૂર છે કે પોતાના પર હંસવાની બાબત આરોગ્ય માટે વધારે ફાયદાકારક છે. એક શોધમાં આ મુજબની બાબત સપાટી પર આવી ચુકી છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે હાસ્ય બ્લડપ્રેશરને નિયંત્રણ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. હાઈ બ્લડ પ્રેશરવાળા લોકો માટે હાસ્ય ખુબ આદર્શ છે. હંસવાથી શરૂઆતમાં વાહિનીઓમાં લોહીનુ દબાણ વધી જાય છે. પરંતુ આ વધી ગયેલુ સ્તર ટુંક સમયમાં જ સામાન્ય સ્તર પર પહોંચી જાય છે. આનાથી એમ પણ સાબિત થાય છે કે હંસવાથી લોહીનુ સંચાર વધવાથી બ્લડ પ્રેશર પણ ઓછુ થાય છે. હંસવાથી શરીરના જુદા જુદા મસલ્સની પણ કસરત થાય છે. હંસવામાં ડાયફ્રામ અને પેટની મસલ્સ પર અસર થાય છે. જે વારંવાર ફેલે છે અને સંકુચિત થાય છે. હંસીને નેચરલ કોસ્મેટિક્સ પણ કહી શકાય છે. આની અસર કુદરતી એન્ટી એજિંગના સ્વરૂપમાં દેખાય છે. હંસવાથી ચહેરાની માંસપેશિઓમાં પણ કસરત થાય છે. સ્થુળતાને પણ કાબુમાં રાખવામાં મદદ મળે છે. દરરોજ એક કલાક સુધી હંસવાના કારણે ૪૦૦ કેલોરી ઉર્જા બર્ન થાય છે. આ જ કારણ છે કે આધુનિક સમયમાં હાસ્ય ક્લબની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. કેટલાક તબીબો તો અહીં સુધી કહે છે કે હંસીથી ઈમ્યુનિટી પાવરમાં અથવા તો રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થાય છે. હંસવાના કારણે એન્ટીબોડી કોશિકા એવા હાર્મોનને રિલિઝ કરે છે જે શરીરમાં થનાર ફેરફારનો સામનો કરવા માટે તૈયાર હોય છે. એક સંશોધનમાં આ બાબતની પણ માહિતી મળી છે કે હંસીથી કેન્સર વાળી કોશિકા અને અન્ય પ્રકારના હાનિકારક બેક્ટિરિયા અને વાયરસ પણ નષ્ટ કરી શકાય છે. કારણ કે હંસવાથી ઓક્સીજનનુ પ્રમાણ વધી જાય છે. આ ઉપરાંત તે પીડાનાશક થેરાપીની જેમ પણ કામ કરે છે. હંસવાથી સારો અનુભવ થાય તેવા હાર્મોન નિકળે છે. જુદી જુદી શોધના કારણે કેટલીક સારી બાબત સપાટી પર આવી છે. હંસવાથી અમારા અંદર પોઝિટીવ એનર્જી આવે છે. થોડાક સમય સુધી હંસવાથી માંસપેશિયા ઓછામાં ઓછા ૪૫ મિનિટ સુધી રિલેક્સ થઈ જાય છે. સાથે સાથે ખુલીને હંસવાથી તમામ ટેન્શાન નિકળી જાય છે. જેથી ટેન્શનથી થનાર માનસિક અને શારરિક સમસ્યાથી બચાવ થાય છે. હંસીના મારફતે કેન્સરથી બચાવની ક્ષમતા અનેક ગણી વધી જાય છે. કારણ કે આના કારણે શરીરમાં ઈન્ટરફેરોન ગામ એટલે કે આઈએફએનનુ સ્તર વધી જાય છે. શોધમાં એમ પણ જાણવા મળ્યુ છે કે ડિપ્રેશન થવા તો ટેન્શનમાં રહેવાની સ્થિતીમાં વ્યક્તિ વધારે ખાવા ઉપરાંત જંક ફુડનો વધારે ઉપયોગ કરે છે. જેની સીધી અસર વજન પર પડે છે. પરંતુ હંસવાથી દિમાગથી એક રસાયણ સેરોટોનિન નિકળે છે જે કુદરતી રીતે ભુખ પર નિયંત્રણ કરવાનુ કામ કરે છે. આના કારણે વ્યક્તિને જલ્દી જલ્દી ભુખ લાગતી નથી. સાથે સાથે ભુખ વગર કંઈક ખાવાની ઈચ્છા થતી નથી. જે રીતે ફિજિકલી ફિટ રહેવા માટે અમે દરરોજ કસરત અને યોગા કરીએ છીએ તેવી જ રીતે હંસવા માટે લાફ્ટર ક્લબમાં સામેલ થઈ શકાય છે.



### ભાગદોડની લાઇફમાં ફિટનેસ માટે લોકોની પાસે સમય નથી ત્યારે

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# ટેકનોલોજી આરોગ્યનુ ધ્યાન રાખે છે

**ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખી શકાય છે : જુદા જુદા ફિટનેસ સંબંધિત સાધનો બજારમાં ઉપલબ્ધ બન્યા છે**

ભાગદોડની લાઈફમાં કોઈની પાસે ફિટનેસ માટે હાલના સમયમાં સમય નથી. આવી સ્થિતીમાં ટેકનોલોજીની મદદથી તમે તમારી ફિટનેસ પર નજર રાખી શકો છો. ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખીને પોતાની તબિયતની કાળજી લઈ શકાય છે. આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે. વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઈફ રહે છે. જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે. જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે. જેમ કે સ્ટેપ્સ, ડિસ્ટેન્સ અને કેલોરીજનો સમાવેશ થાય છે.



કેલોરીજ અંગે માહિતી પુરી પાડે છે. આમાં ગારમીનના મુવ બાર લાગેલા છે જે આપને એક્ટિવ રહેવા માટે ઓડિએબલ એલર્ટસની માહિતી આપે છે,. સાથે સાથે કેટલાક મામલે રિમાઈન્ડ કરે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે તેના સ્લીપ મોડને એપના માધ્યમથી મેન્યુઅલી સેટ કરવાની જરૂર પડે છે. શ્યાઓમીના એમઆઈ બેન્ડ સૌથી સસ્તા અને વિયરેબલ ટ્રેકર તરીકે છે. આ આશ્ચર્યજનક રીતે ખુબ શાનદાર રીતે કામ કરે છે. તેમા ડિસ્પ્લે નહી પરંતુ તે વાયરલેસલી આરોગ્ય સાથે સંબંધિત તમામ ડેટા સ્માર્ટ ફોન એપથી લિન્ક કરી દે છે. સાથે સાથે તમામ વિગત સારી રીતે આપે છે. તેમાં ઓટો સ્લીપ મોનિટરિંગ પણ છે. તમે બેન્ડના જુદા જુદા રંગોમાંથી મનપસંદ રંગની પસંદગી કરી શકો છો.

તેના સિંગલ ચાર્જ એક મહિનાથી વધારે સમય સુધી યોગ્ય રીતે કામ કરે છે. વિવો સ્માર્ટ પણ શાનદાર સાધન તરીકે છે. વિવોસ્માર્ટ એચઆર ખુબ શાનદાર બેન્ડ છે. તેમાં કન્ટીન્યુઅસ હાર્ટ ટ્રેકિંગ ફિચર રહેલા છે. તેમાં ટચ ડિસ્પ્લે છે. જે આપની એક્ટિવિટી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે. આ નોટિફિકેશન દર્શાવવા માટે આપના સ્માર્ટ ફોન સાથે કનેક્ટ થઈ શકે છે. તેમાં એક મુવબાર હોય છે. જે આપને લાંબા સમય સુધી બેઠા રહેવાની સ્થિતીમાં ચારે બાજુ ફરવા માટે રિમાઈન્ડ કરે છે. કેટલાક લોકો ફિટનેસ બેન્ડ અને અન્ય ઘડિયાળ પહેરવાનુ પસંદ કરે છે. ફિટબિટ બ્લેજ આનો જવાબ તરીકે છે. આ ફિટનેસ પર કેન્દ્રિત સ્માર્ટ વોચ તરીકે છે. આમાં કન્ટીન્યુઅસ હાર્ટ રેટ ટ્રેકિંગ કલર એક્ટિવીટી અને સ્લીપ ટ્રેકિગ છે. તેમાં જુદી જુદી એક્ટિવીટીની ટ્રેકિંગ માટે ડેડીકેટેડ મોડસ છે. સિંગલ ચાર્જ કરવા પર બેટરી પાંચ દિવસ સુધી ચાલે છે. કેટલાક સાધન બ્લડપ્રેસરના પરિણામ ને દર્શાવે છે. વિગિદ્દસ સ્માર્ટ ફોન એપથી પોતાની રીતે સિન્ક કરીને માહિતી આપે છે. વિદિગ્સ વાયરલેસ બ્લડ પ્રેશર મોનિટર પણ ઉપયોગી ટેકનોલોજી ટુલ્સ તરીકે છે. મોનિટરને પોતાના હાથમાં સ્લીપ ઓન કરવામાં આવ્યા બાદ પોતાની રીતે સ્માર્ટ ફોન પર હેલ્થ મેટ એપ લોંચ કરીને માહિતી પુરી પાડશે. આ તબક્કાવાર રીતે દિશા નિર્દેશ આપે છે. કઈ રીતે યોગ્ય રીતે બ્લડપ્રેશર માપવામાં આવે તે બાબત ઉપયોગી છે.

એપથી લિન્ક થનાર ડેટા ચાર્ટ તરીકે દર્શાવવામાં આવે છે. વિથિગ્સ બોડી પણ ઉપયોગી ટેકનોલોજી સાધન તરીકે છે. તે વેટિંગ સ્કેલ બાયોમેટ્રિક ઈમ્પેડેન્સ ટેકનિક પર કામ કરે છે. આના કારણે આપના શરીરના મુલ્યાંકન કરવામાં આવે છે. તે કંપનીના પોઝિશન કન્ટ્રોલ ટેકનોલોજી સાથે સજ્જ હોય છે. તે યુજરને ગાઈડ કરે છે. સ્કુલ પર કઈ રીતે ક્યાં ઉભા થવામાં આવે તે અંગે તે માહિતી આપે છે. યોગ્ય માપ મળી શકે તે માટે આ સાધન પણ ઉપયોગી છે. લોકોની ભાગદોડની લાઈફને ધ્યાનમાં લઈને કેટલીક કંપનીઓ હવે એવા સાધન બનાવવામાં ધ્યાન આપી રહી છે જેના કારણે વ્યક્તિની ફિટનેસને પણ જાળવી શકાય. આ પ્રકારના સાધનોના નિર્માણ પર જંગી નાણાં ખર્ચ કરવામાં આવી રહ્યા છે. મોટા ભાગની કંપનીઓ હેલ્થ સાથે સંબંધિત અલગ અલગ પ્રકારના ટેકનોલોજી સાધન તૈયાર કરી લીધા છે. જેની અસર દેખાઈ પણ રહી છે. ફિટનેસને લઈને આને કારણે ફાયદો પણ થઈ રહ્યો છે. આ પ્રકારના સાધન ખરીદવા માટે ઉત્સુકતા પણ વધી રહી છે.



### હેલ્થી ટ્રિક્સ : જંક ફુડથી દુર રહીને કેટલીક બિમારીને ટાળી શકાય

**શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઇ જાય છે ડિહાઇડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે જેના કારણે લોહી ગાઢ બની જાય છે જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે**

# બ્રેક ફાસ્ટને ટેવ બનાવવાની જરૂર

**શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં એનર્જી લેવલ ખુબ ઓછુ થઇ જાય છે : નિયમિત ગાળામાં પાણી પિતા રહેવુ જોઇએ**

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ



માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યુ છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે. સ્વીમીંગથી શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે. બટર ફલાય સ્ટ્રોક, બેગ સ્ટ્રોક, બિગ સ્ટ્રોકથી ફાયદો થાય છે. એરોબીક્સને પણ હવે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંગીતના પ્રેમીઓ માટે એરોબીક્સનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આનાથી ટેન્શન ઓછું થાય છે. એરોબીક્સની ક્લાસમાં પણ હાલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. સાઈકલીંગથી હાર્ટ અને બ્લડ સરક્યુલેશનમાં સુધારો થાય છે. સાઈકલીંગ નિયમિત કરવાથી પગના સ્નાયુ પણ મજબૂત બને છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનીટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનીટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે.



### કભી કભી પીતા હું કહેનાર લોકોને પણ સાવધાન થઇ જવાની જરૂર

**આ એક બે પેગ પણ નુકસાનકારક અને જીવલેણ સાબિત થઇ શકે છે ૧૯૫ દેશોમાં શરાબ પીનાર લોકોને આવરી લઇને કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે આના કારણે ૨.૮ મિલિયન અથવા તો ૨૮ લાખ લોકોના મોત થઇ જાય છે**

# એક પેગ પણ જીવલેણ બની શકે છે

**૧૯૫ દેશોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસ મુજબ વર્ષે શરાબના કારણે ૨૮ લાખ લોકોના મોત થઇ જાય છે**

આમારામાંથી કેટલાક લોકો તો કહેતા રહે છે કે ભાઈ હું તો ઓકેજનલ ડ્રિન્કર છુ . ક્યારેય ક્યારેક પેગ લગાવી લઉ છુ , ખુબ ઓછા પ્રમાણમાં શરાબ સેવન કરુ છુ. પરંતુ હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસથી આ પ્રકારની વાત કરનાર લોકોને પણ સાવધાન થઈ જવાની જરૂર છે. કારણ કે શરાબના એક બે પેગ પણ ભારે પડી શકે છે. આ એક બે પેગ પણ નુકસાનકારક અને જીવલેણ સાબિત થઈ શકે છે. ૧૯૫ દેશોમાં શરાબ પીનાર લોકોને આવરી લઈને કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે આના કારણે ૨.૮ મિલિયન અથવા તો ૨૮ લાખ લોકોના મોત થઈ જાય છે.

વોશિગ્ટનના સિએટલ સ્થિત ધ ઈન્સ્ટીટ્યુટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુશનમાં નિષ્ણાંત તબીબ અને શોધ કરનાર મેક્સ ગ્રીસવોલ્ડે કહ્યુ છે કે શરાબનુ કોઈ પણ પ્રમાણ સુરક્ષિત નથી. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક મર્યાદિત પ્રમાણમાં શરાબનો ઉપયોગ કરવાથી હાર્ટની તકલીફ ઓછી થઈ જાય છે. પરંતુ આ નવા અભ્યાસમાં અગાઉના દાવાને ફગાવી દેવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યુ છે કે ખુબ ઓછા પ્રમાણમાં સેવન પણ જીવલેણ અને ખતરનાક છે. મેડિકલ જર્નલ ધ લેન્સેટમાં



પ્રકાશિત અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના સેવનતી જોડાયેલી આરોગ્ય સંબંધી પરેશાની દરરોજ એ જ પ્રમાણમાં વધે છે જેટલા પ્રમાણમાં શરાબનો ઉપયોગ કરવામાં આવે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો દિવસમાં બે ડ્રિક્સ લે છે તેમાં બિમારીનો ખતરો સાત ટકા વધી જાય છે. આવી જ રીતે જે લોકો પાંચ ડ્રિક્સ લે છે તેમાં ગંભીર બિમારીનો ખતરો ૩૭ ટકા વધી જાય છે. એંકદરે વર્ષ ૨૦૧૬માં પ્રીમેચ્યોર ડેથ અને અન્ય બિમારીથી થનાર મોતના કારણમાં એક કારણ શરાબ પણ હતુ. રિસર્ચમાં જાણવા મળ્યુ છે કે શરાબના કારણે દર વર્ષે બે ટકા મહિલાઓ અને ૬.૮ ટકા પુરૂષોના મોત થઈ જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે શરાબ અથવા તો આલ્કોહલનું સેવન ખતરનાક છે. ઘણી બીમારીઓને તે આમંત્રણ આપે છે. આ અભ્યાસના તારણ અગાઉના તારણ કરતાં બિલકુલ અલગ છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કેટલાક પ્રકારના કેન્સરના ખતરાને પણ શરાબ વધારી દે છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં શરાબનું સેવન થાય છે. ભારતમાં પણ શરાબના શોખીનોની સંખ્યા ઓછી નથી. એનએચએસની માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે પુરુષોએ દિવસમાં ત્રણથી ચાર યુનિટથી વધારે ડ્રીક કરવું જોઈએ નહીં. જ્યારે મહિલાઓએ બેથી ત્રણ યુનિટથી વધારે સેવન કરવું જોઈએ નહીં. સંશોધનમાં જાણવા મળ્યું છે કે શરાબની આનાથી પણ ઓછી સપાટીના સેવનથી પણ કેન્સરનો ખતરો રહેલો છે. અમારા અભ્યાસના ડેટા દર્શાવે છે કે કેન્સરના ઘણા કેસને ટાળી શકાય છે પરંતુ આના માટે આલ્કોહલિક વપરાશ દિવસમાં બે યુનિટ સુધી મર્યાદિત કરવામાં આવે તે જરૂરી છે. પુરુષો દિવસમાં બે આલ્કોહલિક ડ્રીક અને મહિલાઓ એક આલ્કોહલિક ડ્રીક દરરોજ કરવાથી જોખમને ઘટાડી શકાય છે. ઘણી આરોગ્ય સંસ્થાએ કહ્યું છે કે ઓછા પ્રમાણમાં શરાબનું સેવન શરીર માટે ફાયદાકારક છે. આ સંશોધનમાં જાણવા મળ્યું છે કે ભલામણ કરવામાં આવેલી માર્ગદર્શિકા કરતા પણ ઓછા પ્રમાણમાં શરાબનું સેવન કરે તો વધુ કેન્સરના કેસોને અટકાવી શકાય છે. એકંદરે શરાબનું સેવન બંધ કરવાથી વધુ ફાયદો થઈ શકે છે.

શરાબના કારણે વોઈસ બોક્સ સહિત ઘણા પ્રકારના કેન્સર થાય છે. લિવરના કેન્સરનો પણ ખતરો રહે છે. આ અભ્યાસના પરિણામો બ્રિટિશ મેડિકલ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવી ચૂક્યા છે.અન્ય એક રિપોર્ટ હાલમાં જારી કરવામાં આવી હતી જેમાં બ્રિટનના સંબંધમાં વાત કરવામાં આવી છે.જેમાં કહેવામાં આવ્યુ છે કે આગામી ૨૦ વર્ષમાં દારૂના સેવનને લીધે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં અંદાજે બે લાખથી વધુ લોકો મોતને ભેટશે. આરોગ્ય નિષ્ણાતના મત મુજબ બે લાખમાંથી ત્રીજા ભાગના લોકો દારૂ પીવાથી ફેફસા સડી જવાના કારણથી મોતને ભેટશે. લેન્કેટ મેડીકલ જર્નલના અભ્યાસી અહેવાલમાં નિષ્ણાંતોએ કહ્યું છે કે અકસ્માત, હિંસા અને આપઘાત જેવા કારણોથી પણ લોકો મૃત્યુ પામશે. આ ઉપરાંત દારૂપીવાથી બીપી વધવુ, પક્ષાઘાત, હૃદયરોગનો હુમલો અને કેન્સર જેવી બીમારી પણ મોત માટે કારણભૂત બની શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# અગ્નિ-૫ મિસાઈલનું સફળ ટેસ્ટિંગ, ટાર્ગેટ ક્ષમતા ૫,૦૦૦ કીમી

। નવી દિલ્હી, તા.૨૧ ।

જો દુશ્મન ૫,૦૦૦ કિલોમીટર દૂર હશે તો પણ તે ભારતથી બચશે નહીં, કારણ કે, ભારતે આજે (૨૦ ઓગસ્ટ) ઓડિશાના દરિયાકાંઠા ૫ રથી ખરનાક મિસાઈલનું ટેસ્ટિંગ કર્યું છે. આ મધ્યમ અંતરની બેલેસ્ટિન મિસાઈલનું નામ અગ્નિ-૫ બેલિસ્ટિક છે, જે ભારતીય સેનાને વધુ શક્તિશાળી બનાવશે.અગ્નિ-૫ એ ભારતીય સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડ્ઈર્ડ઼) દ્વારા વિકસિત એક સ્વદેશી લાંબા અંતરની સપાટીથી સપાટી પર પ્રહાર કરતી બેલિસ્ટિક મિસાઈલ છે. ભવિષ્યની સ્થિતિને ધ્યાને રાખી ભારતે આ નવી અને પાવરફુલ મિસાઈલ ડેવલપ કરી છે. અગ્નિ-૫ની રેન્જ ૫૦૦૦ કિલોમીટરની છે અને આ મિસાઈલ પરમાણુ હથિયાર વહન કરે છે.

આ મિસાઈલ ૫,૦૦૦ કિલોમીટરથી વધુના અંતર સુધીના લક્ષ્યોને ભેદવાની ક્ષમતા ધરાવે છે, જે તેને ભારતની સૌથી શક્તિશાળી મિસાઈલોમાંથી એક બનાવે છે. અગ્નિ-૫ પરમાણુ શસ્ત્રો લઈ જવા સક્ષમ છે અને તેને એક મોબાઈલ લોન્ચર પરથી છોડી શકાય છે, જે તેની ગતિશીલતા અને વ્યૂહાત્મક મહત્વ વધારે છે. અગ્નિ-૫માં નવીનતમ નેવિગેશન સિસ્ટમ, ઉચ્ચ ચોકસાઈવાળા રિંગ લેસર ગાયરો આધારિત ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ અને માઈક્રો નેવિગેશન સિસ્ટમ નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે લક્ષ્યને ચોક્કસ રીતે ભેદવામાં મદદ કરે છે.

ભક્તે તિરૂપતિ મંદિરમાં પ્રાર્થના કરી હતી કે, જો તેનો વ્યવસાય સફળ થાય, તો તે મોટું દાન કરશે

# તિરૂપતિ મંદિરમાં એક ભક્તે ૧૨૧ કિલો સોનું ચઢાવ્યું । કિંમત ૧૪૦ કરોડ રૂપિયા

**ભક્તે પોતાની શ્રદ્ધા અનુસાર જે રીતે અઢળક સંપત્તિનું દાન કર્યું છે, તેનાથી સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે । આ માહિતી આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એક જાહેર કાર્યક્રમમાં આપી હતી**

। તિરૂપતિ, તા.૨૧ ।

વિશ્વ પ્રસિદ્ધ તિરુમાલા તિરુપતિ મંદિરમાં શ્રદ્ધાળુઓએ દાનની નવી મિસાલ કાયમ કરી છે. તાજેતરમાં એક અજાણ્યા ભક્તે મંદિરને ૧૪૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૨૧ કિલો સોનું દાન કર્યુ છે. આ ભક્તે પોતાની શ્રદ્ધા અનુસાર જે રીતે અઢળક સંપત્તિનું દાન કર્યુ છે, તેનાથી સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ માહિતી આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એક જાહેર કાર્યક્રમમાં આપી હતી.ગુન્ટુર જિલ્લાના એક કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આ દાનની માહિતી આપી છે.



તેમણે કહ્યું કે, 'એક ભક્તે તિરુપતિ મંદિરમાં પ્રાર્થના કરી હતી કે, જો તેનો વ્યવસાય સફળ થાય, તો તે મોટું દાન કરશે.' આ ભક્તે પોતાનો વ્યવસાય શરૂ કર્યો અને તેમાં અદભુત સફળતા મેળવી છે. તેણે પોતાની કંપનીના શેર વેચીને ૬૦૦૦થી ૭૦૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

મુખ્યમંત્રીના જણાવ્યા મુજબ, 'ભક્તે કહ્યું કે, તેને શ્રી વેંકટેશ્વર સ્વામીએ કૃપાથી ધન મળ્યું છે. જ્યારે તેમને ખબર પડી કે, મંદિરની મૂર્તિને દરરોજ ૧૨૦ કિલો સોનાના આભૂષણોથી શણગારવામાં આવે છે, ત્યારે તેમણે ૧૨૧ કિલો સોનું દાન કરવાનો સંકલ્પ કર્યો હતો. આ સોનાની કિંમત આશરે ૧૪૦ કરોડ રૂપિયા છે. ભક્તે કહ્યું કે તે ભગવાન શ્રી વેંકટેશ્વરને સમૃદ્ધિનું પ્રતીક માને છે અને તેમની કૃપ ાથી જ તેને આ સફળતા મળી છે.'

તિરુમાલાનું શ્રી વેંકટેશ્વર મંદિર ભારતના સૌથી ધનાઢ્ય મંદિરોમાંનું એક છે. અહીં સામાન્ય ભક્તોથી લઈને મોટા ઉદ્યોગપતિઓ સુધી, દરેક વ્યક્તિ પોતાની શક્તિ મુજબ દાન કરે છે. આ મંદિરમાં અગાઉ પણ મોટા પ્રમાણમાં દાન મળતું રહ્યું છે. મે ૨૦૨૫ ઉદ્યોગપ તિ સંજીવ ગોયન્કાએ ૩.૬૩ કરોડ રૂપિ યાનો હીરાજડિત સોનાનો હાર દાન કર્યો હતો. જુલાઈ ૨૦૨૫ ચેન્નઈ સ્થિત સુદર્શન એન્ટરપ્રાઈઝે ૨.૪ કરોડ રૂપિ યાની કિંમતનું ૨.૫ કિલો સોનું દાન કર્યુ હતું. જાન્યુઆરી ૨૦૨૫ નિવૃત્ત આઈઆરએસ અધિકારી વાય.વી.એસ. એસ. ભાસ્કર રાવે મંદિર ટ્રસ્ટને ૩.૬૬ કરોડ રૂપિયાની સંપત્તિ સોંપી હતી.

વિશ્વ પ્રસિદ્ધ તિરુમાલા તિરુપતિ મંદિરમાં શ્રદ્ધાળુઓએ દાનની નવી મિસાલ કાયમ કરી છે. તાજેતરમાં એક અજાણ્યા ભક્તે મંદિરને ૧૪૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૨૧ કિલો સોનું દાન કર્યુ છે. આ ભક્તે પોતાની શ્રદ્ધા અનુસાર જે રીતે અઢળક સંપત્તિનું દાન કર્યુ છે, તેનાથી સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે.

## ઉત્તરાખંડમાં ૯મા ધોરણના વિદ્યાર્થીએ શિક્ષકને ગોળી મારી, લંચ બોક્સમાં છુપાવીને લાવ્યો હતો બંદૂક

। નવી દિલ્હી, તા.૨૧ ।

ઉત્તરાખંડના ઉધમસિંહ નગર જિલ્લામાં એક વિદ્યાર્થીએ શિક્ષકને ગોળી મારી દીધી છે. શિક્ષકે વિદ્યાર્થીને લાફો મારતાં તે ગુસ્સામાં હતો. ઈજાગ્રસ્ત શિક્ષકને સારવાર હેઠળ નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત ગંભીર છે. આ દુર્ઘટનાનો સ્થાનિક શિક્ષકોએ ભારે વિરોધ કર્યો છે. શાળાના શિક્ષકો ધરણા પર બેઠા છે. ઉધમસિંહ નગર જિલ્લામાં પણ શાળાઓમાં બંધનું એલાન આપવામાં આવ્યું છે. ઉધમસિંહ નગર જિલ્લાના કાશીપુરમાં આવેલી એક શાળામાં નવમા ધોરણમાં અભ્યાસ કરતાં એક વિદ્યાર્થીએ પોતાના જ વર્ગશિક્ષક પર જીવલેણ હુમલો કર્યો હતો. સૂત્રો અનુસાર, વિદ્યાર્થી લંચ બોક્સમાં પિસ્તોલ છુપાવીને લાવ્યો હતો. અચાનક શિક્ષક પર હુમલો કરી દીધો હતો. ગંભીર રૂપે ઘાયલ શિક્ષકને તુરંત હોસ્પિટલ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતાં. આ ઘટનાનો વિરોધ કરતાં સીબીએસઈ બોર્ડના શિક્ષકો હડતાળ પર ઉતર્યા છે. જાણવા મળ્યું છે કે, પીડિત શિક્ષકે અગાઉ આ વિદ્યાર્થીને લાફો માર્યો હતો. જેથી વિદ્યાર્થી ગુસ્સામાં હતો. તેણે આ લાફાનો બદલો લેવા શિક્ષકને ગોળી મારી હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે વિદ્યાર્થીની અટકાયત કરી છે.અમદાવાદની સેવન્થ ડે શાળામાં અભ્યાસ કરતાં આઠમા ધોરણના વિદ્યાર્થી મુસેફે ફિઝિક્સ સાધન વડે ધોરણ ૧૦ના વિદ્યાર્થી નયન સંતાણી પર હુમલો કર્યો હતો.

## દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર ગુજરાતના યુવકનો હુમલો, ધરપકડ

। નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલો થયો હતો. મુખ્યમંત્રીએ દિલ્હીમાં જાહેર જનતાના પ્રશ્નો મુદ્દે જન સુનવાણી કાર્યક્રમ યોજ્યો હતો જેમાં તેમના પર આ હુમલો થયો હતો. આ હુમલો સાકરિયા રાજેશ ખીમજીભાઈ નામના શખ્સ દ્વારા કરાયો હતો, જે ગુજરાતના રાજકોટનો રહેવાસી છે. હુમલા સમયે જ પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી બાદમાં આઈબી અને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા તેની આકરી પૂછપરછ પણ કરાઈ હતી.દિલ્હીના પીડબલ્યુડી મંત્રી પરવેશ વર્માએ કહ્યું હતું કે મુખ્યમંત્રીને હાથ, ખભે અને માથા પર ગંભીર ઈજા પહોંચી છે, પોલીસે જણાવ્યું હતું કે હુમલાખોર પાસે એક બેગ અને કેટલાક દસ્તાવેજો હતા જોકે કોઈ હથિયાર નહોતું. પોલીસે હાલ હુમલાખોર સામે હત્યાનો પ્રયાસ સહિતની કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે. રિપોર્ટ મુજબ હુમલો કરનાર વ્યક્તિ બે દિવસ પહેલા જ દિલ્હી પહોંચી ગયો હતો અને ઉત્તર દિલ્હીની સિવિલ લાઈનમાં રોકાયો હતો. તપાસ અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલાખોરે હુમલો કરવાની તૈયારી ૨૪ કલાક પહેલા જ કરી લીધી હતી. જેના પુરાવા તરીકે મુખ્યમંત્રીના ઘરના સીસીટીવી ફૂટેજ મળી આવ્યા છે. તેણે અગાઉ મુખ્યમંત્રીના ઘરની રેકી કરી.

હાલમાં વીમા પ્રિમિયમ પર ૧૮ ટકા જીએસટી વસૂલ કરાય છે

# કેન્દ્રનો વીમા પ્રીમિયમ ઉપરના જીએસટીને દૂર કરવાનો પ્રસ્તાવ । બધા રાજ્યો સંમત

**વ્યકિતગત વીમા પોલિસીઓ પરનો જીએસટી દૂર કરાશે તો વાર્ષિક આવકમાં રૂ. ૯૭૦૦ કરોડનો ઘટાડો થશે । આગામી સપ્તાહોમાં કેન્દ્ર સરકાર જીએસટી સુધારાઓ અંગે રાજ્યો સાથે સંમતિ સાધવાનું કાર્ય કરશે : નિર્મલા સિતારમન**

। નવી દિલ્હી, તા.૨૧ ।

કેન્દ્રે જીવન અને આરોગ્ય વીમા પોલિસીને જીએસટીમાંથી મુક્તિ આપવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમ બિહારના નાયબ મુખ્યપ્રધાન અને વીમા અંગે રચાયેલ મંત્રીઓના જૂથ (જીઓએમ)ના સંયોજક સમ્રાટ ચૌધરીએ એક નિવેદનમાં જણાવ્યું છે.




હાલમાં જીવન વીમા અને આરોગ્ય વીમા પોલીસીના પ્રિમિયમની ચુકવણી પર ૧૮ ટકા જીએસટી વસુલ કરવામાં આવે છે. વીમા અંગે રચાયેલ મંત્રીઓના જૂથની અહીં યોજાયેલ બેઠકમાં લગભગ તમામ રાજ્યોએ આ પ્રસ્તાવનું સમર્થન કર્યુ હતું.

જો કે તેલંગણાના નાયબ મુખ્યપ્રધાન મલ્લુ ભટ્ટી વિક્રમાર્કે જણાવ્યું છે કે રાજ્યોએ એ સુનિશ્ચિત કરવાની માંગ કરી છે કે ટેક્સમાં ઘટાડોનો લાભ કંપનીઓને નહીં પણ ડાયરેક્ટ પોલિસીધારકોને મળવો જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યો ઈચ્છે છે કે ટેક્સના દરમાં ઘટાડો કરવામાં આવે અથવા તેમાંથી મુક્તિ આપવામાં આવે. કેટલાક રાજ્યોએ માંગ કરી છે કે એવી વ્યવસ્થાની રચના કરવામાં આવે જેથી દરોમાં ઘટાડાનો લાભ લોકો સુધી પહોંચી શકે. જીએસટી કાઉન્સિલ આ વ્યવસ્થા અંગે નિર્ણય લેશે.વિક્રમાર્કે જણાવ્યું હતું કે વ્યકિતગત વીમા ૫ ોલિસી પર જીએસટી મુક્તિ આપવાથી જીએસટીની આવકમાં વર્ષે ૯૭૦૦ કરોડ રૂપિયાનો નુકસાન થવાનો અંદાજ છે. ૨૦૨૩-૨૪માં આરોગ્ય વીમાના પ્રિમિયમ પર ૮૨૬૪.૯૪ કરોડ રૂપિયા જીએસટી વસૂલવામાં આવ્યો હતો.આ દરમિયાન નાણા પ્રધાન નિર્મલા સિતારમને જણાવ્યું છે કે જીએસટી સુધારાઓ ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આગામી સપ્તાહોમાં કેન્દ્ર સરકાર જીએસટી સુધારાઓ અંગે રાજ્યો સાથે સંમતિ સાધવાનું કાર્ય કરશે.

નાણા પ્રધાન નિર્મલા સિતારમન આજે રાજ્યોના જીએસટી અંગેના ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ)ને મળ્યા હતાં. આ બેઠકમાં નાણા પ્રધાને જીએસટી સુધારાઓની જરૂરિયાત સમજાવી હતી. કેન્દ્રે જીવન અને આરોગ્ય વીમા પોલિસીને જીએસટીમાંથી મુક્તિ આપવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમ બિહારના નાયબ મુખ્યપ્રધાન અને વીમા અંગે રચાયેલ મંત્રીઓના જૂથ (જીઓએમ)ના સંયોજક સમ્રાટ ચૌધરીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી

## દિલ્હીમાં ત્રણ માળની બિલ્ડિંગ ધરાશાયી, ત્રણ શ્રમિકોના મોત, રેસ્ક્યૂ ઓપરેશન શરૂ

। નવી દિલ્હી, તા.૨૧ ।

રાજધાની દિલ્હીના દરિયાગંજ વિસ્તારમાં સદ્ભાવના પાર્કમાં એક ત્રણ માળની બિલ્ડિંગ ધરાશાયી થઈ છે, જેમાં ત્રણ શ્રમિકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે. દિલ્હી ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ, બુધવારે (૨૦ ઓગસ્ટ) બપોરે બિલ્ડિંગ ધરાશાયી થઈ હોવાની માહિતી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી જઈને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે. રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન કાટમાળ નીચેથી ત્રણ ઈજાગ્રસ્તોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે ત્રણ શ્રમિકોના મોત થયા છે.દિલ્હી પોલીસે કહ્યું કે, બુધવારે સદભાવના ૫ ાર્કમાં એક બિલ્ડિંગ ધરાશાયી થવાના કારણે ત્રણ લોકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક બચાવ કામગીરી હાથ ધરીને ત્રણ લોકોને બચાવી લીધા છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ પણ ઘટાને ધ્યાને લીધી છે. પોલીસે કહ્યું કે, હાલ બચાવ કામગીરી ચાલી રહી છે, હકીકત સામે આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે.ડીએફએસ અધિકારીએ કહ્યું કે, કાટમાળ નીચેથી ત્રણ લોકોને બહાર કાઢ્યા બાદ તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અધિકારીઓએ કહ્યું કે, અંતિમ રિપોર્ટ સુધી બચાવ કામગીરી ચાલુ રખાશે. બિલ્ડિંગ કયા કારણોસર ધરાશાયી થઈ, તે હજુ જાણવા મળ્યું નથી. આ પહેલા ૧૨ જુલાઈના રોજ દિલ્હીના વેલકમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાર માળની બિલ્ડિંગ ધરાશાયી થઈ હતી, જેમાં બે લોકોના મોત અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. રાજધાની દિલ્હીના દરિયાગંજ વિસ્તારમાં સદ્ભાવના પાર્કમાં એક ત્રણ માળની બિલ્ડિંગ ધરાશાયી થઈ છે, જેમાં ત્રણ શ્રમિકોના મોત અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે. દિલ્હી ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ, બુધવારે (૨૦ ઓગસ્ટ) બપોરે બિલ્ડિંગ ધરાશાયી થઈ હોવાની માહિતી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી જઈને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે.

## ન્યૂઝ બ્રિફ



### છેલ્લા શ્વાસ સુધી કામ કરવા ઈચ્છું છું : ઉષા તાઈ

। મુંબઈ, તા.૨૧ ।

લોકપ્રિય સીરિયલ 'પવિત્ર રિશ્તા'થી ઓળખ બનાવનારી અનુભવી અભિનેત્રી ઉષા નાડકર્ણીને લોકો 'ઉષા તાઈ' તરીકે ઓળખે છે. આજે ઉષા તાઈ પાસે ઘર,ધન બધુ જ છે, તે છતાં તે એકલા રહે છે. આવો જાણીએ તે કેમ પરિવારથી દૂર એકલા રહે છે.અભિનેત્રી ઉષા નાડકર્ણી મૂળ કર્ણાટકના વતની છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું કે બાળપ ણથી જ તેમને અભિનયનો શોખ હતો. તેમના લગ્ન થયા છે અને તેમનો એક દીકરો પણ છે. પણ અભિનયના શોખને કારકિર્દીમાં બદલવા તેઓ કર્ણાટક છોડી મુંબઈ આવ્યા હતા. તેમણે તેમના દીકરાની જવાબદારી તેમના માતા-પિતાને સોંપી દીધી હતી. વર્ષો વીત્યા ધીમે-ધીમે તેમનો દીકરો તેમનાથી દૂર થઈ ગયો. ત્યાર બાદ તે મુંબઈમાં એકલા રહેવા લાગ્યા અનુભવી અભિનેત્રી ઉષા નાડકર્ણીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે,' મારો દીકરો પરિણીત છે, તેનો એક દીકરો પણ છે, પણ તે મારા ભાઈના ઘરે રહે છે. મારો નાનો ભાઈ હતો, જે હવે આ દુનિયામાં નથી. ગયા વર્ષે ૩૦ જૂનના રોજ મારા ભાઈનું નિધન થઈ ગયું હતું. જો તેને ખબર પડતી કે હું કોઈ મુશ્કેલીમાં છું, તો તે દોડીને મારી પાસે આવતો. પણ હવે હું ૪૦ વર્ષથી એકલી રહું છું, હવે મને એકલા રહેવાની આદત થઈ ગઈ છે,' ઉષાએ આગળ જણાવ્યું કે, 'કોઈનું મોત ઊંઘમાં થાય છે, કોઈ હોસ્પિટલમાં જીવ ગુમાવે છે. શું ખબર કે કોણ કોઈ કેવી રીતે જીવ ગુમાવશે. મને જરા પણ ડર નથી લાગતો. મારો જીવ ઊંઘમાં પણ ગયો તો બાજુ વાળા કહેશે કે ડોસીએ આજે દરવાજો ખોલ્યો નહીં'.

### આંધ્રમાં ૨૩ કરોડથી વધુની રકમનું ડ્રગ્સ જપ્ત : આઠની ધરપકડ

। આંધ્ર, તા.૨૧ ।

આંધ્રમાં ૨૩ કરોડથી વધુની રકમનું ડ્રગ્સ જપ્ત આરઆઈએ આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લામાં અલપ્રાઝોલમ્ના નિર્માણની ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો અને ૨૩ કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત કર્યુ હતું. ચોક્કસ બાતમીને આધારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઇ)એ હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ, વિજયવાડા અને કાકીનાડા જિલ્લાના અધિકારીઓએ સંયુક્ત રીતે એક સંકલિત કાર્યવાહી હાથ ધરી હતી. જે હેઠળ માસ્ટરમાઈન્ડ, ફાઈનાન્સર્સ, કેમિસ્ટો અને સંભવિત ખરીદનારાઓ સહિત આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈના અધિકારીઓએ તૈયાર કરવામાં આવી રહેલું ૮૭ કીલો અલપ્રાઝોલમ, ૩૬૦૦ લિટર પ્રવાહી કાચો માલ, ૩૧૨ કીલો ધન પ્રીકર્સર, બે રિએક્ટર, એક સેન્ટ્રીફ્યુઝ, એક ડ્રાયર અને આપત્તિજનક દસ્તાવેજ જપ્ત કર્યા છે.આંધ્રમાં ૨૩ કરોડથી વધુની રકમનું ડ્રગ્સ જપ્ત : આઠની ધરપ કડડીઆરઆઈએ આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લામાં અલપ્રાઝોલમ્ના નિર્માણની ફેક્ટરીનો પ દાંફાશ કર્યો હતો અને ૨૩ કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત કર્યુ હતું.

## અમિષા પટેલ અને અનિલ શર્મા વચ્ચે આખરે સમાધાન

। મુંબઈ, તા.૨૦ ।

'ગદર' ફિલ્મના સર્જક અને આ ફિલ્મની હિરોઈન અમિષા પટેલ વચ્ચે સમાધાન થઈ ગયું છે. 'ગદર ટુ'ની રીલિઝ વખતે અમિષા પટેલે અનિલ શર્મા પર અનેક આક્ષેપો કર્યા હતા. જોકે, અનિલ શર્માએ કહ્યું છે કે સમય જતાં ઘણું બધું બદલાઈ જાય છે. હવે મારા અને અમિષા વચ્ચે કોઈ મનદુઃખ નથી. અમે સાથે મળીને 'ગદર થ્રી' માટે કામ કરશું. અમિષા પટેલે અગાઉ જણાવ્યું હતું કે પોતે સ્ક્રિપ્ટ જોયા બાદ જ 'ગદર થ્રી'માં કામ કરવું કે નહિ તેનો નિર્ણય કરશે. 'ગદર ટુ'માં પોતાને બહુ ફૂટેજ નહિ મળ્યું હોવાનું તેણે જણાવ્યું હતું.

## નોરા ફતેહી જેવી દેખાય એટલે પત્નીને રોજ ૩-૩ કલાક કસરત કરાવી

। ગાઝિયાબાદ, તા.૨૧ ।

ગાઝિયાબાદથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ત્યાં એક મહિલાએ પોતાના પતિ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ગંભીર ફરિયાદ નોંધાવી છે. મહિલાનો આરોપ છે કે, તેનો પતિ તેને બોલિવૂડ એક્ટર નોરા ફતેહી જેવી દેખાવા અને બનવા માટે મજબૂર કરતો હતો. તેના માટે તે દરરોજ ૩-૩ કલાક કસરત કરાવતો હતો અને જે દિવસે તે આટલું વર્ક આઉટ ન કરી શકું તે દિવસે તેને ભૂખી રાખતો હતો. મહિલાએ જણાવ્યું કે મારો પતિ જે એક સરકારી ફિઝિકલ એજ્યુકેશન ટિચર છે, તે ઘણીવાર મને ટોણો મારે છે. પતિ કહે છે કે મારું તો જીવન બરબાદ થઈ ગયું છે કારણ કે મને બોલિવૂડ અભિનેત્રી નોરા ફતેહી જેવી સુંદર અને આકર્ષક પત્ની મળી શકી હોત.

ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે પતિ માત્ર આવી વાતો જ નહોતો કરતો, પરંતુ તે પત્નીને દરરોજ ૩-૩ કલાક કસરત કરવાનું કહેતો જેથી તેનું શરીર બોલિવૂડ અભિનેત્રી જેવું દેખાય. જ્યારે મહિલા શારીરિક નબળાઈ, થાક અથવા સ્વાસ્થ્ય કારણોસર વર્કઆઉટ પૂર્ણ ન કરી શકે, ત્યારે પતિ તેને ઘણા દિવસો સુધી ખાવાનું પણ નહોતો આપતો. ફરિયાદી મહિલાના લગ્ન માર્ચ ૨૦૨૫માં ગાઝિયાબાદમાં ખૂબ જ ધામધૂમથી થયા હતા. તેણે જણાવ્યું કે, લગ્નમાં ઘરેણાં, લગભગ ૨૪ લાખ રૂપિયાની મહિન્દ્રા સ્કોર્પિયો, ૧૦ લાખ રૂપિયા રોકડા અને અન્ય ભેટ સામેલ હતી. લગ્નમાં કુલ ૭૬ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ થયો હતો.

**કેન્દ્રએ લોકસભામાં ઓનલાઇન ગેમ્સ બિલ પસાર કર્યુ** — કાયદો બનતા ૪૦૦ કંપનીઓ બંધ થઈ જશે, બે લાખ લોકો નોકરી ગુમાવશે સેલીબ્રીટીઓ, ફિલ્મસ્ટાર અને ક્રિકેટ સ્ટારો ઓનલાઇન ગેમ્સનો પ્રચાર નહીં કરી શકે

# ઓનલાઇન મની ગેમ્સ ૪૫ કરોડ લોકોને વર્ષે રૂ. ૨૦,૦૦૦ કરોડનો ફટકો

। નવી દિલ્હી, તા.૨૧ ।

કેન્દ્ર સરકારે ઓનલાઈન ગેમિંગને નિયંત્રિત કરતું મહત્ત્વનું બિલ લોકસભામાં પસાર કરી દીધું છે. તેનો હેતુ ઓનલાઈન મની ગેમ્સ અને સટ્ટાખોરીને સંપૂર્ણપણે રોકવાનો અને ઈ-સ્પોર્ટ્સ તેમજ સોશિયલ ગેમ્સને પ્રોત્સાહન આપવાનો છે. એક અંદાજ મુજબ દર વર્ષે ૪૫ કરોડ લોકો આ ઓનલાઈન મની ગેમ્સના ચક્કરમાં ફસાઈને ૨૦ હજાર કરોડથી વધારે રકમ ગુમાવે છે.




કેન્દ્ર સરકારે દાવો કર્યો છે કે ઓનલાઈન ગેમ્સથી લોકોને થઈ રહેલા નાણાકીય અને સામાજિક નુકસાનને રોકવા માટે તે આ બિલ લાવી છે. આ બિલનું નામ પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલ ૨૦૨૫ છે. આ ગેમ્સની લત ફક્ત નાણાકીય નુકસાન જ નહીં પણ એક સામાજિક સંકટ બની ચૂકી છે. કેટલાય લોકોએ આ ગેમ્સના ચક્કરમાં આવીને આત્મહત્યા કરી છે.

ઓનલાઈન ગેમિંગ બિલના ત્રણ મુખ્ય હિસ્સા છે. તેમા આ બિલ દ્વારા ૫ હેલી વખત ઈ-સ્પોર્ટ્સને માન્યતા આપ વામાં આવી રહી છે. અત્યાર સુધી દેશમાં સ્પોર્ટ્સ ગેમ્સ માટે કોઈ કાયદાકીય આધાર ન હતો. તેની આગામી માર્ગદર્શિકાઓ રમતગમત મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવશે. આ ઉપરાંત સરકારે ઓનલાઈન સોશ્યલ ગેમ્સને કાયદાકીય માન્યતા આપ વાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ગેમ્સ સામાન્ય લોકોના એજ્યુકેશન માટે કામ આવે છે.તેની માર્ગદર્શિકાઓ આગામી સમયમાં માહિતી અને ઈલેક્ટ્રોનિક મંત્રાલય નક્કી કરશે.

આ બંને ગેમથી વિપરીત ઓનલાઈન મની ગેમ્સ પર સરકારે પ્રતિબંધનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ગેમ્સમાં નાણાકીય લેવડદેવડ થાય છે. આ ગેમ્સને પ્રમોટ કરનારા અને આવી ગેમિંગ સર્વિસ આપતી કંપનીઓ સામે પણ આકરી કાર્યવાહી કરવાનો પ્રસ્તાવ છે. આના પગલે ઓનલાઈન ગેમ્સનો પ્રચાર કરનારા અને ફંડ ટ્રાન્સફર કરનારા પર સરકાર ત્રાટકશે. આના કારણે ક્રિકેટરો અને ફિલ્મસ્ટારો તેનો પ્રચાર નહી કરી શકે. તાજેતરમાં જ એક ક્રિકેટરને આવી જ એક ગેમ્સના પ્રચારને લઈને સરકારી એજન્સીઓએ બોલાવ્યો હતો. આ ગેમ્સ દ્વારા મોટાપાયા પર મની લોન્ડરિંગ થતું હોવાનું માનવામાં આવે છે. સરકારે આવી જ એક ગેમિંગ કંપનીને પકડી હતી.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં સેનાના વાહન પર હુમલો । ૧૦થી વધુ સૈનિકોના મોત





બાજૌર : પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના બાજૌર જિલ્લાના સૌથી મોટા વ્યાપારી બજાર ઈનાયત કલાઈમાં સેનાના વાહન પર ભયાનક હુમલો થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટનામાં વાહનમાં મુસાફરી કરી રહેલા ૧૦થી વધુ પાકિસ્તાની સેનાના સૈનિકો માર્યા ગયા હોવાના અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનો રિપોર્ટ છે. ઘટના બાદ બજારમાં હોબાળો મચી ગયો. કહેવામાં આવી રહ્યું છે કે પશ્તુન લડવૈયાઓએ પાકિસ્તાની સેનાના કાફલાને નિશાન બનાવ્યો છે.આતંકવાદ પર નજર રાખતી સંસ્થાઓના ડેટા મુજબ, ૨૦૨૫માં પાકિસ્તાનમાં આતંકવાદી હુમલાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. મુખ્ય હુમલાઓ આતંકવાદી સંગઠનો જેવા કે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અને બલૂચ લિબરેશન આર્મી દ્વારા કરવામાં આવ્યા છે. આ હુમલાઓમાં સુરક્ષા દળો, પોલીસકર્મીઓ અને ચીની નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા છે.પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાના બાજૌર જિલ્લાના સૌથી મોટા વ્યાપારી બજાર ઈનાયત કલાઈમાં સેનાના વાહન પર ભયાનક હુમલો થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટનામાં વાહનમાં મુસાફરી કરી રહેલા ૧૦થી વધુ પાકિસ્તાની સેનાના સૈનિકો માર્યા ગયા હોવાના અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનો રિપોર્ટ છે. ઘટના બાદ બજારમાં હોબાળો મચી ગયો. કહેવામાં આવી રહ્યું છે કે પશ્તુન લડવૈયાઓએ પાકિસ્તાની સેનાના કાફલાને નિશાન બનાવ્યો છે.

## નેશનલ ક્રશ બની છવાયેલી તૃપ્તિ ડિમરીની એક પછી એક ફિલ્મો ફ્લોપ!



। મુંબઈ, તા.૨૧ ।

રણબીર કપૂર સ્ટારર ફિલ્મ 'એનિમલ' થી તૃપ્તિ ડિમરી નેશનલ ક્રશ બની ગઈ હતી. આ પછી તેને એક પછી એક ફિલ્મો મળતી રહી. એક્ટ્રેસે 'વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયો', 'બેડ ન્યૂઝ', 'ભૂલ ભુલૈયા ૩' જેવી ઘણી ફિલ્મો કરી. પરંતુ કોઈ પણ ફિલ્મ તૃપ્તિને ઓળખ અપાવવામાં મદદ ન કરી શકી. તેની એક પછી એક ફિલ્મો ફ્લોપ ગઈ. 'એનિમલ' ફિલ્મમાં તૃપ્તિ સાથે કામ કરનાર અભિનેતા સૌરભ સચદેવાએ આ વિશે વાત કરી છે. તેણે તૃપ્તિનો ફિલ્મ પસંદગીનો નિર્ણય જોખમી ગણાવ્યો.સૌરભે કહ્યું કે, 'તૃપ્તિ જ્યાં સુધી આવી ફિલ્મો કરશે નહીં ત્યાં સુધી તેને કેવી રીતે ખબર પડશે કે તે આવી ફિલ્મો માટે યોગ્ય છે કે નહીં? તેને ત્યારે જ ખબર પડશે જ્યારે તે આ ફિલ્મો કરશે અને જોખમ લેશે. એક અભિનેતાનું કામ જોખમ લેવાનું છે, આપણે દરરોજ એક જ કામ નથી કરતા. આપણે એક્સપેરિમેન્ટ કરીએ છીએ અને ક્યારેક-ક્યારેક એક્સપેરિમેન્ટ ફેલ પણ થઈ શકે છે.' 'આનો અર્થ એ નથી કે તે નિષ્ફળ છે. હું શાળા અને રમતગમતમાં ઘણી વખત ફેલ થયો છું. પણ આનો અર્થ એ નથી કે હું નિષ્ફળ છું.'સૌરભે આગળ કહ્યું કે, બની શકે કે તે ફેલ થઈ ગઈ હોય, ફિલ્મો ફ્લોપ થઈ હશે, તેનું પ્રદર્શન ફેલ થઈ ગયું હશે .

### સ્ટારલિંક પણ પોતાના ગ્રાહકોની ઓળખ માટે આધાર ઈ-કેવાઈસીનો ઉપયોગ કરશે

# આધારકાર્ડ હશે તો જ સ્ટારલિંક ઈન્ટરનેટ કનેક્શન મળશે । ઈલોન મસ્કની કંપનીનો UIDAI સાથે કરાર

**બિઝનેસ મેન ઈલોન મસ્કની કંપની સ્ટારલિંક હવે ભારતમાં પોતાના ગ્રાહકને ઓનબોર્ડ કરવા માટે આધાર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરશે । પ્રક્રિયા સરળ, સુરક્ષિત અને તેજ થશે**

। નવી દિલ્હી, તા.૨૧ ।

બિઝનેસ મેન ઈલોન મસ્કની કંપની સ્ટારલિંક હવે ભારતમાં પોતાના ગ્રાહકને ઓનબોર્ડ કરવા માટે આધાર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરશે. બુધવારે જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું કે, સરકારે સ્ટારલિંકને દેશમાં સેટેલાઈટ આધારિત બ્રૉડબેન્ડ સેવાની મંજૂરી આપી દીધી છે.

UIDAI (યુનિક આઈડેન્ટિફિકેશન ઑથોરિટી ઑફ ઈન્ડિયા)એ સ્ટારલિંક સેટેલાઈટ કોમ્યુનિકેશન પ્રાઈવેટ લિમિટેડને ઑનબોર્ડ કરવામાં આવ્યું છે. હવે સ્ટારલિંક પણ પોતાના ગ્રાહકોની ઓળખ માટે આધાર ઈ-કેવાઈસીનો ઉપયોગ કરશે, જેનાથી આખી પ્રક્રિયા સરળ, સુરક્ષિત અને તેજ થશે. એક અંદાજ અનુસાર, વર્તમાન ક્ષમતામાં સ્ટારલિંક ભારતમાં લગભગ ૨૦ લાખ ગ્રાહકોને જોડી શકે છે. આધાર ઑથેન્ટિકેશન દ્વારા યુઝર્સ ઑનબોર્ડિંગ સહજ અને નિયમો અનુરૂપ થશે. તેના ઘર, વ્યવસાયો અને સંસ્થાઓને હાઈ-સ્પીડ ઈન્ટરનેટની સુવિધા જલ્દી અને સુરક્ષિત રીતે મળી શકશે.



UIDAIના સીઈઓ ભુવનેશ કુમાર, ડેપ્યુટી ડિરેક્ટર જનરલ મનીષ ભારદ્વાજ અને સ્ટારલિંક ઈન્ડિયાના ડિરેક્ટર પારનીલ ઉર્ધ્વરેશની હાજરીમાં સ્ટારલિંકને સબ-ઑથેન્ટિકેશન યુઝર એજન્સી અને સબ-ઈ-કેવાઈસી યુઝર એજન્સીના રૂપે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભારતમાં પોતાની સેવા બચાવવા માટે સ્ટારલિંકે ભારતીય એરટેલ અને રિલાયન્સ જિયો સાથે પાર્ટનરશીપ કરી છે. તેનો અર્થ એ છે કે, ગ્રાહકો સીધું ટેલિકોમ નેટવર્કના માધ્યમથી બ્રૉડબેન્ડ કનેક્ટિવિટી મળી શકશે. સ્ટારલિંકનો આધાર ઑથેન્ટિકેશન સાથે ઑનબોર્ડિંગ ભારતમાં ડિજિટલ ઓળખ અને વૈશ્વિક સેટેલાઈટ ટેક્નિકનો એક મોટું સંયોજન છે, જે ગ્રાહકો માટે વિશ્વાસકારક અને સરળ ઈન્ટરનેટનો અનુભવ સુનિશ્ચિત કરશે.

બિઝનેસ મેન ઈલોન મસ્કની કંપની સ્ટારલિંક હવે ભારતમાં પોતાના ગ્રાહકને ઑનબોર્ડ કરવા માટે આધાર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરશે. બુધવારે જાહેર કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું કે, સરકારે સ્ટારલિંકને દેશમાં સેટેલાઈટ આધારિત બ્રૉડબેન્ડ સેવાની મંજૂરી આપી દીધી છે.

UIDAI (યુનિક આઈડેન્ટિફિકેશન ઑથોરિટી ઑફ ઈન્ડિયા)એ સ્ટારલિંક સેટેલાઈટ કોમ્યુનિકેશન પ્રાઈવેટ લિમિટેડને ઑનબોર્ડ કરવામાં આવ્યું છે.

### ઈઝરાયલે બંધ રાખેલા તમામને એક સાથે છોડી મુકવા અનુરોધ કર્યો

# 'સંપૂર્ણ ગાઝા વિજય'ને ઈઝરાયલની મંજૂરી : ૬૦,૦૦૦ અનામત સૈનિકોને બોલાવી લીધા

**ઈઝરાયલી સંરક્ષણ મંત્રીએ હમાસને કચડી નાખવા નિર્ધાર કર્યો છે : કોઈ પણ કરાર પહેલાં તમામ બંધકોને છોડવા શરત મુકી**

। તેલઅવીવ, તા.૨૧ ।

ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ 'સંપૂર્ણ ગાઝા વિજય'ની યોજના ઈઝરાયલની કેબિનેટ સમક્ષ રજૂ કરી હતી, જેને મંજૂરી મળી ગઈ છે, તેથી હવે સંરક્ષણ મંત્રી, ઈઝરાયલ કાત્ઝે ૬૦,૦૦૦ જેટલા અનામત રાખેલા સૈનિકોને સેનામાં સક્રિય બનાવી દીધા છે.આ માહિતી આપતા એસોસિએટેડ ફ્રી પ્રેસ (એએફપી)ના સંવાદદાતા જણાવે છે કે એક તરફ આ યુદ્ધમાં શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થીઓ લાંબા સમયના યુદ્ધ વિરામ માટે પ્રયત્નો કરી રહ્યા છે. તો બીજી તરફ ઈઝરાયલ તરફથી કોઈ પ્રતિભાવ મળતો નથી.માહિતગાર વર્તુળો જણાવે છે કે, ઈઝરાયલી સંરક્ષણ મંત્રી ઈઝરાયલ-કાત્ઝે ઈઝરાયલની તે યોજના વિષે એએફપીને જણાવ્યું હતું. આ પરિસ્થિતિમાં એક મધ્યસ્થી કટારે ઘણો રક્ષણાત્મક આશાવાદ દર્શાવ્યો હતો. કારણ કે, હમાસ હજી પણ બંદીવાન રખાયેલા બંધકોને નાની-નાની ટુકડીઓમાં થોડા થોડા સમયે મુક્ત કરવા અને તેની સામે ઈઝરાયલે બંધ રાખેલા તમામને એક સાથે છોડી મુકવા અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, કોઈ પણ કરાર પહેલાની આ પૂર્વ શરત છે. તેમ નબશે તો જ યુદ્ધ વીરામ શક્ય બનશે. ટુંકમાં ઈઝરાયલ હવે ગાઝા શહેર અને ગાઝા પટ્ટીમાંથી પેલેસ્ટાઈનીઓને દૂર કરી તેની ઉપર પોતાનો સંપૂર્ણ કબજો ઈચ્છે છે. યુરોપીય યુનિયને ઈઝરાયલને ૬૦ દિવસના યુદ્ધ વિરામ માટે અનુરોધ કર્યો હતો. અમેરિકાએ પણ પણ તેમજ કહ્યું હતું. પરંતુ ઈઝરાયલ હમાસને કચડી નાખવા અને સંપૂર્ણ ગાઝા પટ્ટી તથા ગાઝા શહેર ઉપર કબજો જમાવવા તૈયારીઓ કરી રહ્યું છે.ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ 'સંપૂર્ણ ગાઝા વિજય'ની યોજના ઈઝરાયલની કેબિનેટ સમક્ષ રજૂ કરી હતી, જેને મંજૂરી મળી ગઈ છે, તેથી હવે સંરક્ષણ મંત્રી, ઈઝરાયલ કાત્ઝે ૬૦,૦૦૦ જેટલા અનામત રાખેલા સૈનિકોને સેનામાં સક્રિય બનાવી દીધા છે.આ માહિતી આપતા એસોસિએટેડ ફ્રી પ્રેસ (એએફપી)ના સંવાદદાતા જણાવે છે કે એક તરફ આ યુદ્ધમાં શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થીઓ લાંબા સમયના યુદ્ધ વિરામ માટે પ્રયત્નો કરી રહ્યા છે. તો બીજી તરફ ઈઝરાયલ તરફથી કોઈ પ્રતિભાવ મળતો નથી.માહિતગાર વર્તુળો જણાવે છે કે, ઈઝરાયલી સંરક્ષણ મંત્રી ઈઝરાયલ-કાત્ઝે ઈઝરાયલની તે યોજના વિષે એએફપીને જણઆવ્યું હતું.

## અજય દેવગણની 'ધમાલ ફોર'માં ઈશા ગુપ્તાની એન્ટ્રી- લાંબા સમય બાદ ઈશાને કોઈ ફિલ્મ મળી



। મુંબઈ, તા.૨૧ ।

ઈશા ગુપ્તા કોમેડી ફિલ્મ 'ધમાલ ૪' સાથે રૂપેરી પડદે ફરી જોવા મળવાની છે. આ જ મહિનામાં ઈશા ધમાલ ફોરના સેટ પર શૂટિંગમાં જોડાઈ જશેઅભિનેત્રી આ ફિલ્મમાં અજય દેવગણ સાથે જોવા મળશે. આ જ મહિનાથી અભિનેત્રી ફિલ્મના શૂટિંગમાં જોડાશે. ઈશા 'ધમાલ ૩'નો પણ હિસ્સો હતી. જોકે, હવે ચોથા ભાગમાં તેની ભૂમિકા વધારે લાંબી હશે તેવો દાવો થઈ રહ્યો છે. ઈશા હાલમાં જ હની સિંહ તથા જુબિન નૌટિયાલ સાથે કેટલાક મ્યૂઝિક વીડિયોઝમાં જોવા મળી હતી. બોલીવૂડમાં ૨૦૧૨માં 'જન્નત ટુ' ફિલ્મથી ડેબ્યૂ કરનારી ઈશાને જોકે ધારી સફળતા મળી ન હતી. છેલ્લાં પાંચ-છ વર્ષથી તેને ભાગ્યે જ કોઈ મહત્વનો પ્રોજેક્ટ મળ્યો હતો. 'ધમાલ ૪'માં ઈશા ગુપ્તા અને અજય દેવગણ ઉપરાંત રિતેશ દેશમુખ, અરશદ વારસી, જાવેદ જાફરી, રવિ કિશન અને સંજય મિશ્રા સહિત અન્ય કલાકારો જોવા મળશે. ઈશા ગુપ્તા કોમેડી ફિલ્મ 'ધમાલ ૪' સાથે રૂપેરી પડદે ફરી જોવા મળવાની છે. આ જ મહિનામાં ઈશા ધમાલ ફોરના સેટ પર શૂટિંગમાં જોડાઈ જશેઅભિનેત્રી આ ફિલ્મમાં અજય દેવગણ સાથે જોવા મળશે. આ જ મહિનાથી અભિનેત્રી ફિલ્મના શૂટિંગમાં જોડાશે. ઈશા 'ધમાલ ૩'નો પણ હિસ્સો હતી. જોકે, હવે ચોથા ભાગમાં તેની ભૂમિકા વધારે લાંબી હશે તેવો દાવો થઈ રહ્યો છે.

## પાક.માં હિન્દુઓનું ધર્માંતરણ, મોબ લિન્ચિંગ, બળજબરીથી લગ્નો વધ્યા

। ઇસ્લામાબાદ, તા.૨૧ ।

પાકિસ્તાનમાં હિન્દુઓ સહિતના લઘુમતીઓ પર અત્યાચાર ચિંતાજનક રીતે વધી રહ્યો છે. આ ખુલાસો પાકિસ્તાન માનવ અધિકાર સંસ્થા દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ પરનો અત્યાચાર બહુ જ ઝડપથી વધી રહ્યો છે. અનેક હિન્દુ-ખ્રિસ્તી સગીરાઓનું ધર્માંતરણ કરવામાં આવે છે, સગીર વયે જ બળજબરીથી તેમની સાથે લગ્ન કરવામાં આવે છે. પાકિસ્તાન માનવ અધિકાર પંચ દ્વારા લાહોરમાં એક કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૪-૨૫નો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં હિન્દુઓ, ખ્રિસ્તી, અહમદીસ વગેરે પર અત્યાચારોનું પ્રમાણ વધી રહ્યું છે. તેમના ધાર્મિક સ્થળોનો નાશ કરવામાં આવી રહ્યો છે. તેમનું ટાર્ગેટ કિલિંગ પણ વધી રહ્યું છે. સૌથી વધુ પંજાબ અને સિંધ પ્રાંતમાં હિન્દુ યુવતીઓને નિશાન બનાવવામાં આવી રહી છે. ધર્માંતરણ, બળજબરીથી લગ્ન કરવા તેમજ અપહરણ અને બળાત્કારની ઘટનાઓ સામે આવતી હોય છે. એવામાં હવે હિન્દુઓ પર ઈશનિંદાનો આરોપ લગાવીને તેમનું મોબ લિન્ચિંગ કરવાની ઘટનાનું પ્રમાણ પણ વધ્યું છે. હિન્દુઓ પર ગમે ત્યારે ઈશનિંદાનો આરોપ લગાવી દેવાય છે અને કટ્ટરવાદીઓ પોતે જ તેનો ફેસલો કરીને હત્યા માટે હુમલા કરી દે છે.

## 'આ અમેરિકાના ઈતિહાસનું સૌથી મૂર્ખતાપૂર્ણ પગલું...' ટોચના અર્થશાસ્ત્રી ટ્રમ્પના ટેરિફ મુદ્દે બગડ્યાં

। વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ પોલિસીની વધુ એક અર્થશાસ્ત્રીએ ટીકા કરી છે. અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના અર્થશાસ્ત્રી અને યુએનના પૂર્વ સલાહકાર જેફરી સાસે ટ્રમ્પના ટેરિફને અમેરિકાના ઈતિહાસનું અત્યંત મૂર્ખતાભર્યું પગલું ગણાવ્યું છે.જેફરી સાસે જણાવ્યું હતું કે, અમેરિકાના પ્રમુખના તાજેતરના નિર્ણયોના કારણે ભારતનો વિશ્વાસ તૂટ્યો છે. જેની અસરો વ્યૂહાત્મક અને લાંબા ગાળા સુધી રહેશે. ભારત એક એવો દેશ છે, જે અમેરિકાને પ્રોત્સાહન આપી રહ્યું છે. પરંતુ ટ્રમ્પે તેના પર જ ટેરિફ લાદી ભારતનો વિશ્વાસ તોડી દીધો છે. હવે ટ્રમ્પ ટેરિફ દૂર કરવાનો નિર્ણય લે તો પણ તે ભારતનો વિશ્વાસ પાછો મેળવી શકશે નહીં.રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર આકરા પ્રહારો કરનારા અમેરિકાની સિનેટર લિંડસે ગ્રાહમની પણ જેફરીએ ટીકા કરી હતી. તેમણે લિંડ્સે ગ્રાહમને અમેરિકા સિનેટના સૌથી ખરાબ સિનેટર ગણાવ્યા છે. અલાસ્કામાં હાલમાં જ ટ્રમ્પ-પુતિન સમિટ મામલે નિવેદન આપતાં ગ્રાહમે ભારત પર નફાખોરીનો આક્ષેપ કરતાં દાવો કર્યો હતો કે, રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદવાની ધમકીના કારણે રશિયાના પ્રમુખ અલાસ્કા ટ્રમ્પને મળવા રાજી થયા હતા.ટ્રમ્પ વિવિધ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદી અમેરિકા ફર્સ્ટ નીતિને વેગ આપી રહ્યા હોવાના વખાણ કરી રહ્યા છે. જો કે, તેમની જ સરકારના અમુક અધિકારીઓ અને અમેરિકાના અર્થશાસ્ત્રીઓ ટેરિફ નીતિની આકરી ટીકા કરી રહ્યા છે. જેફરી સાસે રશિયન ક્રૂડ ખરીદવા બદલ ભારત પર લાદેલા ૨૫ ટકા વધારાના ટેરિફના નિર્ણયની પણ નિંદા કરી છે.

### ભારત અમારા માટે ખૂબ જ મહત્ત્વનું, ઓઇલ ડિસ્કાઉન્ટ યથાવત રહેશે

### અમેરિકાનો સામનો કરવા રશિયાનો ભારત સમક્ષ વ્યાપક પાયા પરનો ટ્રેડ કોરિડોરનો રચવાનો પ્રસ્તાવ

# અમેરિકા આડું ફાટશે તો ભારતનો માલ અમે ખરીદશું । રશિયાનો દાવો

। નવી દિલ્હી, તા.૨૧ ।

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ભારત પર નાખેલા ટેરિફ સામે રશિયા ભારતની મદદે આવ્યું છે અને તેણે સોઈ ઝાટકીને જણાવી દીધું છે કે ભારતને અમે જે ડિસ્કાઉન્ટે ઓઈલ આપીએ છીએ તે જારી રાખીશું. તેની સાથે જણાવ્યું હતું કે અમેરિકા ભારતનો માલ ન ખરીદે તો કંઈ નહીં તેના માટે રશિયન બજારો ખુલ્લા છે. આમ ટ્રમ્પના પ્રતિબંધ પછી રશિયા જાહેરમાં ભારતના સમર્થનમાં બહાર આવ્યું છે.રશિયન રાજદૂત રોમન બાબુશ્કિને ભારતને રશિયા સાથે એક વ્યાપક ટ્રેડ કોરિડોર બનાવવા રજૂઆત કરી. આ કોરિડોરને તેમણે સમયની માંગ ગણાવ્યો. વ્હાઈટ હાઉસની સચિવ કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે ટ્રમ્પે રશિયા-યુક્રેન સંઘર્ષનો અંત લાવવા માટે ભારત પર ૫૦ ટકા ટેરિફ નાખ્યો છે. રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બદલ ભારત પર આ ટેરિફ નાખવામાં આવ્યો છે. તેમા ૨૫ ટકા અમલી થઈ ગયા છે અને બીજા ૨૫ ટકા ૨૭મી ઓગસ્ટથી અમલી થશે. તેમણે જણાવ્યું હતું કે જો ભારતીય કંપનીઓને પોતાના સામાનોને અમેરિકન બજારમાં એન્ટ્રી મેળવવામાં ભારે ટેરિફના કારણે તકલીફનો સામનો




પડી રહ્યો છે તો રશિયન બજારો ભારતીય સામાનનું સ્વાગત કરવા તૈયાર છે.તેમણે દાવો કર્યો હતો કે રશિયા પાસે એવી યંત્રણા છે જે ભારત પર અમેરિકન ટેરિફની કોઈ અસર નહીં થવા દે. તેથી અમેરિકન ટેરિફની કોઈ ચિંતા કરવાની ભારતે જરૂર નથી. તેમણે જણાવ્યું હતું કે કેટલાય મિલિટરી પ્લેટફોર્મથી લઈને દરેક મહત્ત્વની બાબતમાં ભારત રશિયાનું મહત્ત્વનું ભાગીદાર રહ્યું છે. બાબુશ્કિને જણાવ્યું હતું કે ભારત અને રશિયા વચ્ચેના સંબંધો વિશ્વાસના છે અને તે સમયની કસોટી પર ખરા ઉતર્યા છે. બંને દેશ વચ્ચેના સંબંધો કેટલાય આંતરરાષ્ટ્રીય ચઢાવ ઉતાર વચ્ચે મજબૂત રહ્યા છે. આ જ રીતે બંને દેશ વચ્ચેનો ઉર્જા સહયોગ પણ વૃદ્ધિ પામશે. ભારત પર અમેરિકાએ લાદેલા પ્રતિબંધોને લઈને બાબુશ્કિને જણાવ્યું હતું વર્તમાન યુગમાં પ્રતિબંધો સામાન્ય રીતે જે દેશ પર લાદવામાં આવ્યા હોય તેના બદલે જે દેશે લાદયા હોય તેના પર વધારે અસર કરતાં હોય છે. બંને દેશ ૨૦૩૦ સુધીમાં તેમનો કારોબાર ૧૦૦ અબજ ડોલરે લઈ જવા માટે પ્રતિબદ્ધ છે.તેમને પૂછવામાં આવ્યું હતું કે વર્તમાન અસ્થિરતાના યુગમાં એક સ્થિરતાના પરિબળ તરીકે બ્રિક્સની ભૂમિકા વધી ગઈ છે, તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે બ્રિક્સ ઈકોનોમી સંયુક્ત રીતે ૭૭ લાખ કરોડ ડોલરની છે, જેની સામે જી-સેવન દેશો એટલે કે વિશ્વના સાત સમૃદ્ધ દેશોની ઈકોનોમી ૫૭ લાખ કરોડ ડોલરની છે.

**ટ્રમ્પને ફરી એકવાર દિગ્ગજની સલાહ** | ભારત-અમેરિકા વચ્ચેના સંબંધો એક મહત્વપૂર્ણ તબક્કે છે અને જો વોશિંગ્ટન ચીનની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓને રોકવા માંગે છે

# ચીન પર સકંજો કસવો હોય તો ભારત સાથે સંબંધ સુધારો : નિક્કી હેલી

। વોશિંગ્ટન, તા.૨૧ ।

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત નિક્કી હેલીએ ટ્રમ્પ વહીવટીતંત્રને ફરી એકવાર ચેતવણી આપી છે કે ભારત-અમેરિકા વચ્ચેના સંબંધો એક મહત્વપૂર્ણ તબક્કે છે અને જો વોશિંગ્ટન ચીનની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓને રોકવા માંગે છે તો તેણે ભારત સાથેના સંબંધોને ઝડપથી સુધારવાની જરૂર છે.બુધવારે ન્યૂઝવીકમાં પ્રકાશિત એક લેખમાં હેલીએ કહ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે રશિયન ઓઈલ અને ટેરિફ વિવાદોના મુદ્દાને કારણે વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓ વચ્ચે ફાટ ન થવા દેવી જોઈએ. અમેરિકાએ



તેના માટે સૌથી મહત્વપૂર્ણ શું છે તે ભૂલવું ન જોઈએ. ચીનનો સામનો કરવા માટે, અમેરિકાને ભારત જેવા મિત્રની જરૂર છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ રાખવા બદલ ભારત સામે ૨૫ ટકા પારસ્પરિક ડ્યુટી અને વધારાની ૨૫ ટકા ડ્યુટી લાદ્યા બાદ તણાવ વધ્યો છે. ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ વાટાઘાટોમાં અમેરિકાની ભૂમિકા અંગેના દાવાઓ સહિત મહિનાઓ સુધી ચાલેલા તણાવ પછી આ પગલું લેવામાં આવ્યું હતું. હેલીએ ટ્રમ્પના દબાણ અભિયાનને સમર્થન આપતા કહ્યું કે ભારતની ઊર્જા ખરીદી "યુક્રેન સામે વ્લાદિમીર પુતિનના ક્રૂર યુદ્ધને નાણાંકીય સહાય કરી રહી છે. જોકે, તેમણે ભારતને દુશ્મન માનવા સામે ચેતવણી આપી. ચીન પર સકંજો કસવો હોય તો ભારત સાથે સંબંધ સુધારો, ટ્રમ્પને ફરી એકવાર દિગ્ગજની સલાહસંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત નિક્કી હેલીએ ટ્રમ્પ વહીવટીતંત્રને ફરી એકવાર ચેતવણી આપી છે કે ભારત-અમેરિકા વચ્ચેના સંબંધો એક મહત્વપૂર્ણ તબક્કે છે અને જો વોશિંગ્ટન ચીનની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓને રોકવા માંગે છે તો તેણે ભારત સાથેના સંબંધોને ઝડપથી સુધારવાની જરૂર છે.બુધવારે ન્યૂઝવીકમાં પ્રકાશિત એક લેખમાં હેલીએ કહ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે રશિયન ઓઈલ અને ટેરિફ વિવાદોના મુદ્દાને કારણે વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓ વચ્ચે ફાટ ન થવા દેવી જોઈએ. અમેરિકાએ તેના માટે સૌથી મહત્વપૂર્ણ શું છે તે ભૂલવું ન જોઈએ. ચીનનો સામનો કરવા માટે, અમેરિકાને ભારત જેવા મિત્રની જરૂર છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ રાખવા બદલ ભારત સામે ૨૫ ટકા પારસ્પરિક ડ્યુટી અને વધારાની ૨૫ ટકા ડ્યુટી લાદ્યા બાદ તણાવ વધ્યો છે.

## પીએમ મોદી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે । વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે

# ગુજરાતના અમદાવાદ શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ કરાશે

### વડાપ્રધાનના નેતૃત્વમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના થકી લાખો લોકોના જીવનમાં આશાનું નવું કિરણ આવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૧ ।

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન અમદાવાદના નિકોલ ખાતેથી તેઓ ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનેલા ૧,૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ અમલમાં આવેલા આ પ્રોજેક્ટથી સ્લમ વિસ્તારોમાં રહેતા પરિવારોને આધુનિક સુવિધાઓ સાથે પોતાનાં સપનાનું નવું ઘર મળશે. વડાપ્રધાન ના નેતૃત્વમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના થકી લાખો લોકોના જીવનમાં આશાનું નવું કિરણ આવ્યું છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ઈન સિટુ સ્લમ રિ-ડેવેલોપમેન્ટ ઘટક હેઠળ ગુજરાત રાજ્ય સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની સ્લમ રિહેબિલિટેશન અને રિ-ડેવલપમેન્ટ પોલીસી-૨૦૧૩ અંતર્ગત અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનના સરદાર પટેલ સ્ટેડિયમ વોર્ડમાં આવેલા રામાપીરના ટેકરાના નામે પ્રચલિત સ્લમ પૈકી સેક્ટર-૩માં ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા કુલ ૧૪૪૯ આવાસો તથા ૧૩૦ દુકાનોનું પુનઃવસન કરવાના કામનું લોકાર્પણ થશે.સમગ્ર ગુજરાત રાજ્યની વાત કરીએ તો, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૯.૬૬ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર આવાસો પૈકી ૯.૦૭ લાખ જેટલા આવાસોનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ગુજરાત ને વર્ષ ૨૦૧૯માં વિવિધ કેટેગરીમાં કુલ ૬ અને વર્ષ ૨૦૨૨માં વિવિધ કેટેગરીમાં કુલ ૭ એવોર્ડ પ્રાપ્ત થયા છે.



પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ભારત સરકાર દ્વારા ૮,૪૩,૧૬૮ આવાસનો લક્ષ્યાંક મળ્યો છે, તે પૈકી કુલ ૬,૦૦,૯૩૨ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં સ્પીલ ઓવર આવાસો ૨,૭૮,૫૩૩ના લક્ષ્યાંક સામે ૦૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં ૩૯,૦૯૨ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. જ્યારે ૨,૩૯,૪૪૧ આવાસો પ્રગતિ હેઠળ છે, જે આગામી માર્ચ-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં આ યોજના હેઠળ ?૮૯૩૬.૫૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત લાભાર્થીઓ પૈકી વર્ષ ૨૦૨૪-૨૫ના લક્ષ્યાંક મુજબ તેમજ ભવિષ્યમાં મળનાર લક્ષ્યાંક મુજબના લાભાર્થીઓને આવાસ બાંધકામમાં વધુ મદદરૂપ થવાના ઉમદા ઉદ્દેશથી ૧૦૦ ટકા રાજ્ય ફાળા અંતર્ગત આવાસના બાંધકામ માટે રૂફ-કાસ્ટ લેવલે રાજ્ય સરકાર દ્વારા ૫૦,૦૦૦ની વધારાની સહાય આપવામાં આવે છે.

## લાભાર્થીને મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે ૨૫,૯૨૦ મળવાપાત્ર



### યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૭૪,૯૩૦ લાભાર્થીઓને ૧૪૯.૮૬ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો

રાજ્ય સરકારની 'મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના' અંતર્ગત લાભાર્થીને પ્રથમ હપ્તો મળ્યેથી ૬ માસની અંદર આવાસ પૂર્ણ કરવાના કિસ્સામાં લાભાર્થી દીઠ ૨૦,૦૦૦ની વધારાની પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૭૪,૯૩૦ લાભાર્થીઓને ૧૪૯.૮૬ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા કુટુંબના મહિલા સભ્યોને ધ્યાનમાં રાખીને આવાસની સાથે સાથે બાથરૂમના બાંધકામ માટે લાભાર્થી દીઠ ૫૦૦૦ની વધારાની સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૩૪,૭૫૯ લાભાર્થીઓને ૧૭૩.૮૦ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો

આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮૨,૮૪૫ લાભાર્થીઓને ૪૧.૪૨ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત લાભાર્થીને મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે ૨૫,૯૨૦ મળવાપાત્ર થાય છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ શૌચાલય બાંધકામ માટે ૧૨,૦૦૦ મળવાપાત્ર થાય છે. આમ, આ યોજના અંતર્ગત પણ લાભાર્થીને કુલ ૨,૩૨,૯૨૦ની સહાય મળવાપાત્ર થાય છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૩૪,૭૫૯ લાભાર્થીઓને ૧૭૩.૮૦ કરોડની સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

### કેન્દ્ર સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ યોજના અંતર્ગત શહેરી ગરીબો અને કામદારો સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા વર્ષ ૨૦૨૦માં જાહેરાત કરવામાં આવી

કેન્દ્ર સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ યોજના અંતર્ગત શહેરી ગરીબો અને કામદારો સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા વર્ષ ૨૦૨૦માં જાહેરાત કરવામાં આવી હતી. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ નીતિ જાહેર થયાથી ત્રણ માસમાં જ સુરત શહેરના સુડા વિસ્તારના નિર્માણ પામેલ ૩૯૩ આવાસોને મોડેલ- ૦૧ અંતર્ગત ભાડાના મકાનમાં રૂપાંતરિત કરી પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ભારત સરકાર દ્વારા ૮,૪૩,૧૬૮ આવાસનો લક્ષ્યાંક મળ્યો છે, તે પૈકી કુલ ૬,૦૦,૯૩૨ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬માં સ્પીલ ઓવર આવાસો ૨,૭૮,૫૩૩ના લક્ષ્યાંક સામે ૦૧ એપ્રિલ ૨૦૨૫થી ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં ૩૯,૦૯૨ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે.

---

#### ડોર ટુ ડોર કચરો ઘરે ઘરેથી ઉઘરાવવામાં આવ્યો

## કરમસદ અને આણંદ મનપા વિસ્તારને સ્વચ્છ રાખવા અંગે ભવાઈ અને શેરી નાટક યોજાયા

#### મહાનગરપાલિકા વિસ્તારને સ્વચ્છ રાખવા અને સ્વચ્છ બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું

। પ્રતિનિધિ, આણંદ, તા.૨૧ ।

કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનર ના માર્ગદર્શન હેઠળ મનપા વિસ્તાર સ્વચ્છ અને સુંદર રહે તે માટે મનપાનો સેનેટરી વિભાગ કામ કરી રહ્યો છે. સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત લોકોને જાગૃત કરવા માટે આણંદ, વિદ્યાનગર અને કરમસદ ના અલગ અલગ વિસ્તારો ખાતે ભવાઈ અને શેરી નાટક યોજવામાં આવ્યા હતા.મનપાના સેનેટરી વિભાગ દ્વારા સમગ્ર મનપા વિસ્તારમાં રાત દિવસ સફાઈ કર્મીઓ દ્વારા નગરને સ્વચ્છ રાખવા માટે કામગીરી કરવામાં આવે છે. જેમાં ડોર ટુ ડોર કચરો ઘરે ઘરેથી ઉઘરાવવામાં આવે છે, આ ઉપરાંત વિવિધ વિસ્તારો ખાતે કચરો નાખવા માટેના બિન મૂકવામાં આવ્યા છે અને મનપા



વિસ્તાર એકદમ ચોખ્ખો રહે તે માટે ભવાઈ અને શેરી નાટકના માધ્યમથી લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. કરમસદ વિસ્તારમાં કરમસદ બસ સ્ટેન્ડ પાસે, કરમસદ રામદેવ પીર મંદિર પાસે, બળીયાદેવ ચોકડી પાસે, સંદેશર ચોકડી ખાતે અને કરમસદ સાક માર્કેટ ખાતે શેરી નાટક યોજવામાં આવ્યા હતા અને લોકોને સ્વચ્છતા રાખવાથી થતા ફાયદા, ભીનો અને સૂકો કચરો કેવી રીતે અલગ રાખવો, મહાનગરપાલિકા ની ગાડી આવે ત્યારે આ કચરો નાખવો અને સ્વચ્છતા રાખવાથી લોકોને શું ફાયદા થાય છે તે અંગે શેરી નાટકના માધ્યમથી લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મનપાના વિવિધ વિસ્તારો ખાતે પણ ભવાઈ અને શેરી નાટકના માધ્યમથી મહાનગરપાલિકા વિસ્તારને સ્વચ્છ રાખવા અને સ્વચ્છ બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

---

#### સાબરકાંઠામાં ભૂસ્તરશાસ્ત્રીની કચેરીમાં ખોટા દસ્તાવેજો રજૂ કરવાના મામલે ત્રણ શખ્શો સામે પોલીસમાં ફરિયાદો

## હિંમતનગરમાં ભાજપના પૂર્વ જિલ્લા કાર્યાલય મંત્રી રહી ચુકેલા અતુલ સોમપુરામાં ત્રણ શખ્શો ખોટા દસ્તાવેજ કૌભાંડમાં પકડાયા

#### ભૂસ્તરશાસ્ત્રી કચેરીના જણાવ્યા મુજબ સવગઢ વિસ્તારમાં પથ્થરની ખાણ શરૂ કરવા માટે નકલી સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું । તપાસ દરમિયાન સર્ટિફિકેટ ખોટું હોવાનું સ્પષ્ટ થતાં, તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવાઈ

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૨૧ ।

સાબરકાંઠાના હિંમતનગરમાં ભૂસ્તરશાસ્ત્રીની કચેરીમાં ખોટા દસ્તાવેજો રજૂ કરવાના મામલે ત્રણ શખ્શો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. જેમાં મુખ્ય આરોપી તરીકે અતુલ સોમપુરા સામે ગંભીર આક્ષેપો મૂકાયા છે.અતુલ સોમપુરાએ પોતાને હિંદુસ્તાન સ્કાઉટ-ગાઈડના પૂર્વ સ્ટેટ કમિશ્નર તરીકે ઓળખ આપી કાનૂની પ્રક્રિયાને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. તેઓ ભાજપના પૂર્વ જિલ્લા કાર્યાલય મંત્રી રહી ચૂક્યા છે. આ ઓળખનો ઉપયોગ કરી ખાણખનીજ કચેરીમાં બનાવટી એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું.

ભૂસ્તરશાસ્ત્રી કચેરીના જણાવ્યા મુજબ સવગઢ વિસ્તારમાં પથ્થરની ખાણ શરૂ કરવા માટે નકલી સર્ટિફિકેટ રજૂ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન સર્ટિફિકેટ





ખોટું હોવાનું સ્પષ્ટ થતાં, તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવાઈ. આ કેસમાં અતુલ સોમપુરા સાથે સંજય વણઝારા અને રાજ ગોસ્વામીના નામ પણ ફરિયાદમાં સામે આવ્યા છે.

અતુલ સોમપુરા જે ભાજપના પૂર્વ જિલ્લા કર્યાલય મંત્રી રહી ચૂક્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તેણે હિંદુસ્તાન સ્કાઉટ-ગાઈડના પૂર્વ સ્ટેટ કમિશ્નર તરીકે ઓળખ આપી કાનૂની પ્રક્રિયાને ભ્રમિત કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ખાણ ખનીજ કચેરીમાં બનાવટી એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટિફિકેટ રજૂ કરવાનો આક્ષેપ તપાસ કર્મચારી દ્વારા પોલીસને જણાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત બીજા નામો જોડાયા હતા. જેમાં અતુલ સોમપુરા, સંજય વણઝારા અને રાજ ગોસ્વામીના નામ પણ સામેલ હતા.

પોલીસે ત્રણેય સામે ગુનાહિત સજા હેઠળ કાર્યવાહી શરૂ કરી છે. આ બનાવ સાબરકાંઠા જિલ્લામાં રાજકીય તથા સામાજિક સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે. ખોટા દસ્તાવેજો દ્વારા કાનૂની પ્રક્રિયામાં ભંગ કરવાનો પ્રયાસ થતાં કાયદાકીય કાર્યવાહી વધુ કડક બનવાની શક્યતા છે.

આ કેસમાં બનાવટી સર્ટિફિકેટ્સ સામે આવ્યા એ જ રીતે ઉપરાંત ઘણી બાબતો સામે આવી છે. કોઈ પણ વિભાગમાં કાઈપણ બનાવટી જોવામળે છે. તંત્રને સજાગરીતે કાર્યકારી આવી બનાવટી અને નકલી બાબતોનો નિકાલ કરવો ખૂબ જરૂરી છે.

---

#### બે પુત્ર સાથે સામૂહિક આપઘાત


## દાહોદમાં પિતાએ બે પુત્ર સાથે કર્યો આપઘાત, ઝાડ સાથે લટકતાં મળ્યાં મૃતદેહ

। દાહોદ, તા.૨૧ ।

રાજ્યમાં મારામારી, હત્યા, આપઘાતના બનાવો સામે આવતા હોય છે, ત્યારે દાહોદમાં પિતાએ બે પુત્ર સાથે આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. દાહોદના કઠલા ગામની સીમમાં પિતાએ બે પુત્ર સાથે સામૂહિક આપઘાત કરવાની ઘટનાને લઈને પોલીસ ઘટનાસ્થળ પર પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મૂળ દાહોદના ખંગેલા ગામના અરવિંદભાઈ વહોનિયા (ઉં.વ. ૩૨) કઠલા ગામના છાયણ ફળિયામાં પોતાના ૫ વર્ષીય સુરેશ અને ૭ વર્ષના રવિ એમ બે પુત્રો સાથે ઝાડ પર લટકીને આત્મહત્યા કરી છે.

સમગ્ર ઘટના મામલે પોલીસે ત્રણેય મૃતદેહને પીએમ અર્થે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે.તમને જણાવી દઈએ કે, થોડા દિવસ પહેલાં દાદરા અને નગર-હવેલીના સેલવાસના સમરવર્ણી વિસ્તારમાં રહેતા અને મૂળ મહારાષ્ટ્રના શખ્સે પોતાના બાળકોને ખોરાકમાં ઝેર ભેળવીને મોતને ઘાટ ઉતાર્યા બાદ ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.




---

#### આરોપીને ૧ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારાયો

## ૨૦ કિલો ૮૦૦ ગ્રામ ગાંજા સાથે ઝડપાયેલા આરોપીને ૧૦ વર્ષની કેદ

#### સ્કૂલ-કોલેજમાં જતા કિશોર-કિશોરીઓ આવા નશીલા પદાર્થની કુટેવને કારણે પોતાની યુવા અવસ્થા નાશ કરે છે : કોર્ટ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૧ ।

શહેરના વટવા વિસ્તારમાંથી વર્ષ ૨૦૨૦માં ૨૦ કિલો ૮૦૦ ગ્રામ ગાંજા સાથે પકડાયેલા મોહમ્મદ જાવેદ શેખને એનડીપીએસના ખાસ જજ વી.બી.રાજપૂતે ગુનેગાર ઠરાવીને દસ વર્ષની કેદ અને રૂ.૧ લાખ દંડ ફટકાર્યો છે. જ્યારે પુરાવાના અભાવે મતીન લિયાકત ઉસ્માનભાઈ લીલગર અને સલીમ ઉર્ફે ચાવાલા યાકુબભાઈ પટેલને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકયો છે. વટવા વિસ્તારમાંથી ૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ મોહમ્મદ જાવેદ શેખ ટુ વ્હીલર ઉપર જતો હતો ત્યારે ક્રાઈમ બ્રાન્ચે તેનો પીછો કરીને હાથીજણ પાસે રોકીને તપાસ કરતા બે થેલામાંથી રૂ.૬.૨૪ લાખની કિંમતનો ૨૦ કિલો ૮૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. ડીસીબીએ આરોપી મોહમ્મદ જાવેદ શેખની ધરપકડ કરીને કોર્ટમાં કેસ મૂકયો હતો.

જે કેસ ચાલતા સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોરએ સાક્ષીઓ અને દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યું હતું કે, મોટા પ્રમાણમાં ડ્રાગ્સની હેરાફેરી કરવામાં આવી હતી, આરોપીઓ સામે આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે, આરોપીઓના કૃત્યને કારણે યુવા ધન ડ્રગ્સના રવાડે ચઢી રહ્યું છે અને બરબાદ થઈ રહ્યું છે, આવા આરોપીઓને છોડવામાં આવે તો ળી આવા જ ગુના કરે તેવી શક્યતા છે, સમાજમાં દાખલો બેસે અને આવા ગુનેગારોમાં કાયદાનો ડર રહે તે હેતુને ધ્યાને રાખી આરોપીઓને સખતમાં સખત સજા કરવી જોઈએ.



ત્યારબાદ કોર્ટે મોહમ્મદ જાવેદ ઉર્ફે ફજુન સલીમભાઈ શેખને ગુનેગાર ઠરાવીને દસ વર્ષ કેદની સજા ફટકારી છે.સજા ફટકારતા ચુકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે, પ્રવર્તમાન સમયમાં નશીલા પદાર્થોની થતી હેરાફેરી ખૂબ જ ગંભીર અને પડકારજનક મુદ્દો છે. આરોપી નશીલા પદાર્થનું રેકેટ ચલાવતા હોવાને કારણે ઘણા કુટુંબો નાશ પામે છે. સ્કૂલ-કોલેજમાં જતા કિશોર-કિશોરીઓ આવા નશીલા પદાર્થની કુટેવને કારણે પોતાની યુવા અવસ્થા નાશ કરે છે. તે રીતે દેશનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે. આ સંજોગોમાં વ્યક્તિગત હિત કરતા સમાજનું હિત વધારે મહત્ત્વનું જણાય છે.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ





પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya